Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

હંસવાહિની



સરસ્વતી દેવી

પુસ્તક ૫૩ મું :: અંક ૭ મો

સંવત ૧૯૯૩ :: આશ્વિન :: વીર સંવત ૨૪૬૩

પ્રકટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

વાર્ષિક લવાજમ બહારગામ માટે રૂ ૧-૧૨-૦ બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે.

પુસ્તક ૫૩ મું. અંક ૭ મો. | આશ્વિન | વીર સં. ૨૪૬૩ વિક્રમ સં. ૧૯૯૩

## अनुक्रमणिका

૧ શ્રી મહાવીર જિન સ્તવન ... ... ... ( રાજમલ ભંડારી ) ૨૧૯
૨ ચંડકૌશિક નાગ અને પ્રભુ મહાવીર–પદ્ય ... ( બાલચંદ હીરાચંદ ) ૨૨૦
૩ સમતાનું મહત્વ ... ... ... ... ( મુમુક્ષુ મુનિ ) ૨૨૩
૪ પ્રશ્નોત્તર ... ... ( પ્રશ્નકાર–નગીનદાસ પુનમચંદ–નાણાવટી ) ૨૨૭
૫ સૂક્તમુક્તાવળી : : સિંદૂરપ્રકર ... ( ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) ૨૩૨
૬ વ્યવહાર કૌશલ્ય. નાના લેખ બે. ૧૦૨–૩... ... ... ( મૌક્તિક ) ૨૩૬
૭ જીવન સુધારણા માટે ઉત્તમ બોધની વાનગી ... ( સ. ક. વિ. ) ૨૩૮
૮ તત્ત્વનિશ્ચયાત્મક વચનસંગ્રહ ... ... ... ( ,, ) ૨૪૦
૯ તત્ત્વજિજ્ઞાસુને લક્ષમાં લેવા યોગ્ય સાર તત્ત્વ ... ( ,, ) ૨૪૧
૧૦ પ્રભાવિક પુરુષો–અંતિમ રાજર્ષિ ઉદયન... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૨૪૩
૧૧ આરોગ્ય વિષે થોડી સૂચના ... ... ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ૨૪૭
૧૨ મનન કરવા લાયક વાક્યો ... ... ( અમીચંદ કરશનજી શેઠ ) ૨૫૦
૧૩ મુનિરાજશ્રી ચરણવિજયજીનો સ્વર્ગવાસ... ... ... ... ૨૫૦
૧૪ કૃતઘ્ન ( તેના ત્રણ પ્રકાર ) ... ... ( પોપટલાલ સાકરચંદ ) ૨૫૧
૧૫ હાલના વિજ્ઞાન જેવું અજ્ઞાન બીજું નથી ... ... ( કુંવરજી ) ૨૫૨
વિનયના ૬૬ પ્રકાર–અગુરુલઘુ ગુણની સ્પષ્ટતા–પાણ આહારનો ખુલાસો ... ... ... ... ... ... ... ૨૨૬–૨૩૫–૨૪૨
૧૬ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનો ૫૬ મા વર્ષનો રિપોર્ટ ... ૨૫૪ થી ૨૬૨

## શ્રી જૈન બાળ વિદ્યાર્થી ભુવન ભાવનગરનો સં. ૧૯૯૨ નો રિપોર્ટ ને હિસાબ.

આ રિપોર્ટ ને હિસાબ લક્ષપૂર્વક વાંચવા યોગ્ય છે. ખાતું ઘણું ઉપકારક છે. આવકનું પ્રમાણ વધારીને વિદ્યાર્થીની સંખ્યા વધારવાની જરૂર છે. હાલ ૧૯ વિદ્યાર્થી છે. ઉપજ ખર્ચ જોતાં આઠસો લગભગનો તોટો પડેલો છે. પ્રારંભનું નિવેદન વાંચતાં ન[illegible] આવી પડેલી આપત્તિમાંથી નિસ્તાર પામવા માટે હજુ રૂ. ૧૧૦૦) ની જરૂર છે. ઉદાર દિલ[illegible] ગૃહસ્થોએ સારી મદદ કરી છે, બાકીના ગૃહસ્થોએ મદદ કરવા લાયક છે. તેની વ્યવસ્થાપ[illegible] કમિટિનો પ્રયાસ સારો છે. દરેક સભ્ય ઉત્સાહી અને ઉમંગી છે. અમે એ સંસ્થાની ઉન્[illegible] ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# जैन धर्म प्रकाश

પુસ્તક ૫૩ મું | આશ્વિન | અંક ૭ મો
વિ. સં. ૧૯૯૩ | | વીર સં. ૨૪૬૩

## श्री महावीरजिन स्तवन ।

जय जय प्यारा ! वीर जिनेश, जय जय प्यारा वीर जिनेश ॥ टेक ॥
जय जय प्यारा सतत सहारा, दुःखियाओं का दुःख निवारा ।
सकल जगत निज धर्म प्रसारा, हरदम हरत कलेश ॥ जय० ॥

वीर जिनेश है जगतेश, दे उपदेश दया विशेष ।
मेटा अधरम रहा न लेश, अब तक गुण गावत सब देश ॥ जय० ॥

जो प्रभु तुं नहीं जग में आता, सच्चा मारग कौन बताता ?
मोह निंद से कौन जगाता ? ब्रह्मा विष्णु महेश ॥ जय० ॥

तुंही है सब का हितकारी, नाम लेत मिटता दुःख भारी ।
मीलती है सुखसम्पति सारी, अघ की चले ना पैश ॥ जय० ॥

परहित में नित ये मन लागे, इर्षा द्वेष सभी अब भागे ।
प्रेम निरन्तर घट में जागे, वर दो यही हंमेश ॥ जय० ॥

बुद्धि हमारी निर्मल कीजे, हमे चरण की सेवा दीजे ।
" वीरभक्त " की भी सुध लीजे, कृपा करो करुणेश ॥ जय० ॥

सं. राजमल भंडारी-आगर-(मालवा)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચંડકૌશિક નાગ
## અને
# પ્રભુ મહાવીર

( કવિ—બાલચંદ હીરાચંદ માલેગામ )

( હરિગીત )

શ્રી વીરજિન કાઉસગ્ગ ધ્યાને રત થયા છે આત્મમાં,
શમ શાંતિ શોધન વિરતિ સાધન જે કરે શુભ માર્ગમાં;
છે ત્યાં રહ્યો અહિ ચંડકૌશિક દૃષ્ટિવિષ બહુ ઝેરિલો,
જે પૂર્વ કર્મતણા ઉદયથી દેહ પામ્યો ડંખિલો. ૧

છે ક્રૂર જે જીમ અગ્નિ વમતો પ્રાણહારક દૃષ્ટિથી,
બહુ તીવ્ર વેગથકી ભયંકર કાળ સમ વિષ વૃષ્ટિથી;
તે ચંડ કરતો ફેણ મોટી મણિ [1]દશાંકે શોભતી,
છે ભીતિ જીમ સાક્ષાત થાતી પ્રાણ—શક્તિ થોભતી. ૨

છે કાળ બીજો ઈંદ્ર–પવિ[2] વા પ્રખર અગ્નિ દીપતો,
આશ્ચર્ય પામી તે નિહાળી કોણ આ છે દીપતો?
મન ભીતિ જેને લેશ નહીં છે મરણની વા દુઃખની,
બહુ કોણ ધીઠો એહ છે આશા ન જેને સૌખ્યની. ૩

એ કાળ–મુખમાં અગ્નિ–ચયમાં સિંહ–મુખમાં કાં પડે?
વા ઉચ્ચ પર્વત શિખર પરથી મૃત્યુ–મુખમાં સાંપડે;
બહુ વેગથી પ્રભુ ચરણ કરડે ક્રોધમાં વિષ વેરતો,
જાણે જગાવે વીર જિનને તારજો અઘ વેરતો. ૪

ચાલી તિહાં બહુ દુગ્ધધારા કરુણતા સાક્ષાત છે,
ત્યાં લેશ પણ ન કષાય દીઠો રુધિરનામા કયાંય છે;
જે ધૈર્ય મેરુ સમાન દિસે સ્થિર સાગર સારિખો.
છે અચળ ક્રોધાતીત પ્રભુજી અતુલ શાંતિ અર્પતો. ૫

કરતા વિસર્જન ધ્યાનને સ્મિત સુખદ મુખથી ઉચ્ચરે.
તૂં બૂઝ [3]અહિનાયક! હજુ પણ પાપ કાં તું આચરે?

---

૧ ફેણ ઉપર ૧૦ જેવા આંક હોય છે તે. ૨ વજ્ર. ૩ સર્પરાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેં ક્રોધના આવેશમાં બાંધ્યું કુકર્મ વિચિત્ર જે,
કિમ છૂટશે અવિચારથી જે ચીકણા સાક્ષાત છે? ૬

કરતાં ન લાજે કર્મને જે બહુ વિકારો કેળવે,
અંતે ઘણા ભવ પ્રાપ્ત કરતાં નરકવાસો મેળવે;
તેં ક્રોધના સહુ ભેદને બહુ તીવ્રતાથી આચર્યા,
અતિશય વધાર્યાં કર્મને કરી ચીકણા માથે ધર્યા. ૭

આશ્ચર્ય પામ્યો ચકિત થઈને વીર વૃત્તિ નિહાળતો,
સાક્ષાત મેરુ સલિલ સાગર શાંતતાને બોધતો;
નિજ મ્હોં વિકાસી કરુણતાથી પ્રભુપ્રતે તે જોય છે,
કરુણાનિધિ પ્રભુ વીર આગળ દીન થઈ જીમ હોય છે. ૮

હું શું કરું ને ક્યાં જઉં પ્રભુ મુજ દયા કુણ લાવશે?
કઈકોતણા મેં પ્રાણ લીધાં આશરો કુણ આપશે?
કઈકો રડાવ્યા રોળવ્યા છે કઈક જનને ક્રોધથી,
મુજને હિતસ્વી કોઈ નહીં છે જગતમાં મારું નથી. ૯

કરુણા કરો પાપી ભયંકર મુજ સમો જગમાં નથી,
તુજ ચરણમાં મુજ શિશ છે તુજ વીણ [1]વાલી કોઈ નથી;
કરુણાનિધિ મુખથી ઝરે છે અમૃતસરિતા વેગથી,
જે દુષ્ટ પર પણ દયા કરતા સમ રહે શુભ યોગથી. ૧૦

હે ચંડકૌશિક! બૂઝ તું સમતા હજુ ધર ચિત્તમાં,
સહુ ક્રોધના પરમાણુ છંડી શાંતિ મેળવ ચિત્તમાં;
કરી દે સમર્પણ દેહ આ જે ખાસ ક્ષણભંગુર છે,
તું નામ જિનવરનું ભજી લે ખાસ જે [2]ભવનાવ છે. ૧૧

જગમાં ન જાણ્યું કોઈનું કલ્યાણ થાયે ક્રોધથી,
પત્થરતણા વહાણે ન કોઈ તારિયો દરિયાથકી;
આ ક્રોધ ને કંકાસ ઘર ઘર વૈર અગ્નિ બાળતો,
થાયે અનર્થો વિવિધ પ્રાણો કઈકના જે ટાળતો. ૧૨

માટે હવે તું પૂર્ણ શાંતિ ને અહિંસા પાળજે,
નિજ કર્મ જૂનાં ચીકણા જે શમ ધરી સહુ બાળજે;

૧. રક્ષક. ૨. ભવસમુદ્ર તરવા માટે નાવ સમાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ ધ્યાન કરતાં કર્મરાશિ પલકમાં છૂટી જશે,
ફરી દેહ સુંદર એહથી પણ અધિક રૂડો પામશે. ૧૩

માટે ધરી તું ધ્યાન કાયા વોસિરાવી રાખજે,
કરૂણા તણા ફળ અમૃત સરિખા દેવલોકે ચાખજે;
વાણી સુણી શ્રી વીરજિનની ફણિધરે બહુ પ્રેમથી,
મુખ બિલમાંહે રાખીને તનુ બ્હાર રાખી નેમથી. ૧૪

અન્યત્ર પ્રભુજી વિચરિયા ને અહિ રહ્યો નિજવાસમાં,
લોકો નિહાળે ચકિત થઈને સર્પને સહવાસમાં;
આ ક્રોધ મટીને શમ થયો કિમ કપટ શું આ કેળવે ?
ધરી ધીર સ્પર્શે તેહને ત્યાં ચલન પણ નહી મેળવે. ૧૫

પૂજા કરે કેઇ નાગની ફલ પુષ્પ ને ઘૃત દુગ્ધથી,
સ્પર્શે સહુ પણ સ્થિર નિરખી દેવ માને ભક્તિથી;
ત્યાં ગંધયોગે કીડીઓ આવી અસંખ્ય મળી હવે,
અહિ–શરીર ઉપર દંશ કરતી દોડતી તે બહુ જવે. ૧૬

તે દૃષ્ટિવિષ ફણિધર મટીને સાધુ સમ વર્તન કરે,
નહીં દુભવે કોઈ જીવને નિજ ચલનથી શાંતિ વરે;
જાણે દયાનો પૂર્ણ સાગર અમૃતકુંભ ભર્યો દિસે,
નિજ શરીરની પરવા નથી તે કર્મ સામો થઇ હસે. ૧૭

છિદ્રો કર્યા કીડી સમૂહે શરીરમાંથી કોતરી,
બહુ દંશ તીખા માંસમાંહે અમિત કીધા સંહરી;
પણ તે ફણિધર સ્થિર ભાવે સહન કરતો શાંતિથી,
તલ માત્ર ખેદ ન ચિત્ત રાખે કર્મ ખપતો વેગથી. ૧૮

ત્યાં કર્મ સહુ કરમાઇને ભૂકો થયા હલકા અતિ,
શમ વાયુવેગે ઊડિયા આકાશ માંહે વેગથી;
પ્રભુ વીર જે છે કૃપાસિંધુ તેમના સહવાસથી,
તે સુગતિ પામ્યો ચંડકૌશિક પરભવે શમ શાંતિથી. ૧૯

જે ક્રોધનો જય ખાસ કરશે વ્રત **અહિંસા** આદરી,
તે સુગતિ પામી મુક્ત થાશે દુઃખ જાશે સંહરી;
પ્રભુ વીરની વાણી અનોપમ મંત્ર સમ સુખ આપતી,
આ લોક પરભવ ઉભયના સહુ અમિત દુઃખો કાપતી. ૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમતાનું મહત્વ

( જિજ્ઞાસુઓને અતિ બોધપ્રદ )

જેમ સ્ફટિકમણિ ઉપાધિ રહિત થતાં તેની નિર્મળતાનો ગુણ પોતાની મેળે વિસ્તરે છે તેમ મમતાનો ત્યાગ થતાં જ સમતાનો સ્વાભાવિક ગુણ પ્રકાશિત થાય છે.

આ જગતમાં "આ પ્રિય અને આ અપ્રિય" એવી જે કલ્પના છે તે વ્યવહારનયની અપેક્ષાએ છે, પરંતુ નિશ્ચયનયથી જોતાં કોઇ વસ્તુ ઇષ્ટ કે અનિષ્ટ છે જ નહિ. વ્યવહાર કલ્પનાને લઇને જે પદાર્થ ઉપર દ્વેષ હોય તે જ પદાર્થ ઉપર કાળે કરીને રાગ થઈ જાય છે એટલે જે જેનો દ્વેષી હોય તે તેનો રાગી થાય છે. નિશ્ચયનયની અપેક્ષાએ તો કોઈ વસ્તુ ઇષ્ટ કે અનિષ્ટ હોતી નથી તેથી સમતા રાખવી યોગ્ય છે.

જે વિષય પોતાના અભિપ્રાય પ્રમાણે પોતાને પ્રિય લાગતો હોય તે બીજાને તેની બુદ્ધિ પ્રમાણે અપ્રિય લાગે છે, એટલે પ્રિય અને અપ્રિય લાગવાનો આધાર પોતાની બુદ્ધિ ઉપર છે તેથી સમતા ગુણની આવશ્યકતા છે.

આ જગતમાં પ્રિય અપ્રિય અથવા રાગ દ્વેષ એ મનની કલ્પનાથી જ છે; વસ્તુતઃ એ સત્ય નથી. જ્યારે મનના વિકલ્પો વિરામ પામી જાય છે ત્યારે પ્રિય અપ્રિયનો—રાગદ્વેષનો તદ્દન ક્ષય થઇ જાય છે. કહેવાનો આશય એવો છે કે વિકલ્પનો નાશ કરનારી સમતા પ્રાપ્ત કરવી જોઈએ.

"આ પ્રયોજનની સિદ્ધિ મારે આધીન છે" એટલે હું હૃદયથી ધારણા કરીશ તો, એ પ્રયોજનની સિદ્ધિ અવશ્ય થવાની. જ્યારે હૃદયમાં આવો આભાસ થાય ત્યારે તેના હૃદયના સંકલ્પો કે જે બહારના પદાર્થોને માટે વારંવાર ઊઠતા હોય છે તે પોતાની મેળે જ વિરામ પામી જાય છે. સંકલ્પ–ઉત્થાન વિરામ પામ્યા પછી સમતાનો પ્રકાશ સ્વયમેવ **આવિર્ભાવને પામે છે.** ( પ્રગટ થાય છે. )

જ્યારે મનુષ્યને મોહનો ભય દૂર થઇ જાય છે ત્યારે તેને પોતાનો સ્વભાવ પ્રાપ્ત થાય છે, એટલે પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન થાય છે તે થતાં તેને પછી રાગદ્વેષ રહેતા નથી. જ્યારે રાગદ્વેષનો અભાવ થયો ત્યારપછી અનાહત ( અખંડ ) સમતા ઉપસ્થિત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ જગતની અંદર જેટલા જીવો છે તે બધાની અંદર રાગદ્વેષ—પ્રિય અપ્રિય વિગેરે જે ભાવો દેખાય છે તે કર્મોને લઇને દેખાય છે અર્થાત્ વ્યવહારનયની અપેક્ષાએ દેખાય છે. જો શુદ્ધ નયની સ્થિતિએ જોવામાં આવે તો તે દેખાતાં નથી. સમતાને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાએ આ જગતના જીવોની અંદર રહેલ કર્મના દ્વિવિધ ભાવને શુદ્ધ નયની રીતિથી અવલોકવો કે જેથી તેનામાં અનાહત—અખંડ—અબાધિત સમતા ઉત્પન્ન થાય.

જ્યારે પોતાના આત્માના ગુણોનો વિચાર કરવામાં આવે અને એક શુદ્ધ અધ્યવસાય રાખવામાં આવે ત્યારે મન આત્માને વિષે જ વિરામ પામે છે. જ્યારે મન આત્માને વિષે વિરામ પામ્યું ત્યારે તેનામાં અપૂર્વ સમતા સ્વતઃ પ્રગટ થાય છે, તેથી ભવિ આત્માએ આત્મગુણોનું આત્મસાક્ષીએ મનન કરી શુદ્ધ અધ્યવસાય રાખવા કે જેથી આત્મારામ બની સમતા ગુણને પ્રાપ્ત કરી શકાય.

જ્યારે સમતા પરિપક્વ અવસ્થાને પ્રાપ્ત થાય છે ત્યારે તેને શબ્દ, રૂપ, રસ, ગંધરૂપ વિષયો રુચિકર લાગતા નથી, જેથી તેમનામાં [1]વાંસલો અને ચંદનમાં સમાનભાવ પ્રાપ્ત થાય છે.

પોતાના આત્માની સિદ્ધિ સાધવા માટે તૈયાર કરેલી જે સમતા તે તેમની પાસે રહેલા નિત્ય વૈરવાળા પ્રાણીઓના વૈરનો પણ નાશ કરે છે.

જો હૃદયમાં સમતાનો ગુણ ન હોય તો પછી તપ, યમ અને નિયમો સેવવા શા કામના છે? એ સર્વ નકામાં છે.

સ્વર્ગનું સુખ દૂર છે અને મોક્ષનું સુખ તો તેનાથી પણ અતિશય દૂર છે, પણ જે સમતાનું સુખ છે તે તેમની નજીક સ્પષ્ટ રીતે જોવામાં આવે છે એટલે કે જો સમતા હોય તો સ્વર્ગ તથા મોક્ષના સુખને માટે દરકાર કરવી નહિ પડે. એ સુખ તો મનની સમીપ જ રહેલું હોય છે.

જ્યાં સમતા હોય ત્યાં દૃષ્ટિમાં કામવિકાર રહેતો નથી, ક્રોધ આવતો નથી અને ઉદ્ધતપણું હોતું નથી. સમતાધારી મહાત્મા દૃષ્ટિવિકાર રહિત, અક્રોધી અને અનુદ્ધત હોય છે.

જેમ દાવાનળથી સળગેલા વનની અંદર મેઘવૃષ્ટિ સુખદાયક થાય છે તેમ જરા—મરણરૂપ દાવાનળથી સળગેલા આ સંસારરૂપ વનમાં સમતા એ અમૃતના મેઘની વૃષ્ટિ સમાન સુખદાયક છે.

---

૧. કોઇ આવી વાંસલાવતી શરીરને છેદી જાય કે ચંદનવતી પૂજા-અર્ચા જાય તે બંને પ્રસંગમાં સમભાવ રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભરત રાજા વિગેરે એક સમતાનો આશ્રય કરીને સુખી થયા હતા તેમને કાંઇ પણ કષ્ટકારી અનુષ્ઠાન કરવું પડ્યું ન હોતું.

જેમ દીપિકાથી અંધકાર દૂર થઇ, માર્ગે ચલાય છે તેમ સમતાથી અજ્ઞાન અંધકાર દૂર થઈ, મોક્ષમાર્ગે જવાય છે. આત્માના સર્વ ગુણો સમતાની અંદર રહેલા છે.

જેઓ મોહાંધ બનેલા છે તેઓ પોતાના આત્મસ્વરૂપને જોઇ શકતા નથી. તેમના નેત્રદોષનો નાશ કરવામાં દિવ્ય સમતા અંજનશલાકારૂપ છે. કહેવાનો આશય એ છે કે જો મનુષ્ય સમતાને પ્રાપ્ત કરે તો, મોહ રહેતો નથી અને તે પોતાના આત્મસ્વરૂપને જોઇ શકે છે.

ક્ષણ વાર ચિત્તને વશ કરી જો સમતા સેવવામાં આવે, તો તેને એવું સુખ પ્રાપ્ત થાય છે કે જે મુખે કહી શકાય તેવું નથી.

જેમ કુમારી સ્ત્રી પતિના ભોગસુખને જાણતી નથી તેમ સામાન્ય જનો અનુભવ કર્યા સિવાય યોગીઓના સમતાના સુખને જાણતા નથી; તેથી સમતાનું સુખ અવર્ણનીય છે.

જ્યારે સમતાનો મહાન્ ગુણ પ્રાપ્ત થાય છે ત્યારે સમતાધારી આત્માને કોઇ નમે કે ન નમે, કોઇ સ્તવે કે ન સ્તવે તેને માટે કાંઇ ઇચ્છા રહેતી નથી. તે લોકોના માનની દરકાર રાખતો નથી.

જેમ સૂર્યની કાન્તિ અંધકારને ક્ષીણ કરે છે તેમ જો મનુષ્ય સમતા ગુણને સંપાદન કરે તો તેના કોટી જન્મોના કર્મો ક્ષણ વારમાં ક્ષીણ થઇ જાય છે.

જેમ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નોની પ્રાપ્તિથી ભાવજૈનપણું પ્રાપ્ત થાય છે તેમ અન્યલિંગ વિગેરે સિદ્ધોનો આધાર સમતા જ છે.

જો નય પ્રમાણે વર્તી સમતા ધારણ કરે તો, જ્ઞાનનું ફળ સમતા પ્રાપ્ત થાય છે અને નયમાર્ગને છોડી દુરાગ્રહ કરે તો, સમતા નાશ પામી જાય છે. દૃષ્ટાંત–જેમ અગ્નિથી ચંદન ભસ્મ થઇ જાય છે તેમ; તેથી નયાનુસારે સમતા ધારણ કરવી યોગ્ય છે.

સમતા ચારિત્રરૂપ પુરુષના પ્રાણ છે. જો એ સમતારૂપ પ્રાણ ચાલ્યા ગયા તો પછી ચારિત્રનું મરણ થઇ જાય છે. સમતા પ્રાપ્ત કર્યા સિવાય બીજી દોડાદોડી કરવી તે નકામી છે. ચારિત્રનું જીવન સમતામાં જ રહેલું છે.

તપ, જપ, ધ્યાન વિગેરે જે કાંઇ કષ્ટકારી અનુષ્ઠાન કરવામાં આવે છે તે જો એક સમતાનો ત્યાગ કરી કરવામાં આવે તો, ખારી જમીનમાં વાવેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજની જેમ નિષ્ફળ થાય છે; તેથી સર્વ ધાર્મિક ક્રિયામાં સમતા રાખવી જોઇએ. તે ન હોય તો કરેલો સર્વ શ્રમ વૃથા છે.

મુક્તિનો ખરો ઉપાય એક સમતા જ છે તે સિવાયની જે જે ક્રિયાઓ છે તે તો અધિકારી પુરુષના ભેદવડે સમતાની જ પ્રાપ્તિ કરવા માટે છે. જો સમતાનો અભાવ હોય તો ગૃહસ્થ કે મુનિ ગમે તેટલી ક્રિયા કરે તે સર્વ નિષ્ફળ છે.

જેમ કોઇ આંગળીવડે માર્ગ બતાવે પણ તે કાંઈ સાથે આવે નહિ તેમ શાસ્ત્રો સમતાના માર્ગને બતાવે છે. પછી સમતા રાખવી એ મનુષ્યના પોતાના હાથમાં છે; તેથી જો શાસ્ત્ર ભણી અથવા સાંભળી પોતાના અનુભવમાં લાવે તો, તે અનુભવના સામર્થ્યથી તે સમતાધારી પુરુષ આ ભવાટવીના પારને પામી જાય છે.

સમતા રાખવાથી ગૂઢ આત્મતત્ત્વનું ભાન થાય છે. જ્યારે આત્મતત્ત્વનું ભાન થાય છે ત્યારે અનુભવ પ્રગટ થાય છે, તે અનુભવનો ઉપયોગ સમતામાંજ કરવો કે જેથી પરથી પર એવા આત્મતત્ત્વની સંપૂર્ણતાની પ્રાપ્તિ થાય છે અને પછી મનુષ્ય આ સંસારસાગરને સ્હેલાઇથી તરી મોક્ષ-માર્ગનો સાથી બને છે.

સંગ્રાહકઃ—**મુમુક્ષુ મુનિ**

## શ્રી ઉપદેશ રત્નાકર ગ્રંથોદ્ધરિત
## વિનયના ૬૬ પ્રકાર

ઔપચારિક વિનયના બે પ્રકાર—૧ પ્રતિરૂપ યોગનું જોડાણ. ૨ અનાશાતના.

પ્રતિરૂપ વિનયના ૧૪ પ્રકાર—૮ કાયયોગના, ૪ વચનયોગના, ૨ મનયોગના

કાયયોગ પ્રતિરૂપ વિનયના ૮ પ્રકાર—૧ અભ્યુત્થાન-ઊભા થવું. ૨ અંજળી જોડવી. ૩ આસનદાન-આસન દેવું. ૪ અભિગ્રહ. ૫ કીર્તિ. ૬ સુશ્રૂષા. ૭ અનુગચ્છન. ૮ સંસાધન.

વચનયોગ પ્રતિરૂપ વિનયના ૪ પ્રકાર—૧ હિતવાદી. ૨ મિતવાદી. ૩ અફરુસવાદી. ( અકઠોરવાદી ) ૪ અનુવૃત્તિવાદી.

મનયોગ પ્રતિરૂપ વિનયના બે પ્રકાર—૧ અકુશળ મનનિરોધ, ૨ કુશળ મન ઉદીરણ. પ્રતિરૂપ વિનય પરાનુવૃત્તિમય જાણવો.

કેવળીને **અપ્રતિરૂપ** વિનય જાણવો.

અનાશાતના વિનયના (૫૨) પ્રકાર—૧ તીર્થંકર, ૨ સિદ્ધ, ૩ કુળ, ૪ ગણ, ૫ સંઘ, ૬ ક્રિયા, ૭ ધર્મ, ૮ જ્ઞાન, ૯ જ્ઞાની, ૧૦ આચાર્ય, ૧૧ સ્થવિર, ૧૨ ઉપાધ્યાય ને ૧૩ ગણિ. એ ૧૩ નો વિનય ૪ પ્રકારે-૧ ભક્તિ, ૨ બહુમાન, ૩ વર્ણવાદ બોલવો, ૪ આશાતનાપરિત્યાગ. કુલ ૫૨-એકંદર ૬૬.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર—ઝવેરી નગીનદાસ પુનમચંદ નાણાવટી )

**પ્રશ્ન ૧**—શ્રી આદીશ્વર પ્રભુનું જેટલું આયુષ્ય ને શરીરપ્રમાણ છે તેટલું જ વીશે વિહરમાનનું મહાવિદેહ ક્ષેત્રમાં હશે કે ઓછુંવત્તું હશે? વળી તેમના કલ્યાણકની તિથિઓ શ્રી આદીશ્વર પ્રભુ પ્રમાણે જ હશે કે ફેરફાર હશે?

**ઉત્તર**—શરીર ને આયુનું પ્રમાણ તો શ્રી આદીશ્વર પ્રભુ પ્રમાણે હોય છે અને પાંચે કલ્યાણકની તિથિઓ વીશે વિહરમાનની તો એક જ હોય છે પરંતુ આદીશ્વર પ્રભુ પ્રમાણે હોવાનો સંભવ નથી. તેમના કલ્યાણકની તિથિઓ વીશ વિહરમાનના સ્તવનોરૂપ વીશીમાં જોવી.

**પ્રશ્ન ૨**—ઉત્કૃષ્ટ કાળે જ્યારે ૧૭૦ તીર્થંકરો થાય છે ત્યારે પાંચ ભરત ને પાંચ ઐરવતના દશ તીર્થંકરોનું ને પાંચ મહાવિદેહના ૧૬૦ તીર્થંકરોનું આયુષ્ય ને શરીરપ્રમાણ સરખું હોય કે કેમ?

**ઉત્તર**—પાંચ ભરત ને પાંચ ઐરવતના મળી દશ તીર્થંકરોનું તો બીજા શ્રી અજિતનાથજી પ્રમાણે ૭૨ લાખ પૂર્વનું આયુ ને ૪૫૦ ધનુષ્યનું શરીર હોય છે. મહાવિદેહના ૧૬૦ તીર્થંકર માટે કેટલું હોય તે વાંચવામાં આવેલ ન હોવાથી કહી શકાય તેમ નથી, પરંતુ ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય ને ૫૦૦ ધનુષ્યનું શરીર સંભવે છે.

**પ્રશ્ન ૩**—તીર્થંકરોના જન્માતિશયમાં ચર્મચક્ષુવાળા તેમનો આહાર-નિહાર જોઈ શકે નહીં એમ કહેલ છે. એટલે તે અતિશય જન્મથી પ્રાપ્ત થનારા ચાર અતિશયમાં છે તો બાળકપણામાં તેમનો આહાર–નિહાર તેમના માતા–પિતા વિગેરે જોઈ શકતા હશે કે નહીં? છદ્મસ્થપણામાં એ હકીકત કઇ રીતે ઘટી શકે?

**ઉત્તર**—જયાં અતિશય કહેવાય એટલે ત્યાં આપણી બુદ્ધિ કામ કરે જ નહીં. શાસ્ત્રાધારે તો જન્મથી જ ન દેખે એમ સ્પષ્ટ છે, તેથી તેમાં બીજી વાત કહી શકાય નહીં. ૩૪ અતિશયોને અંગે તો આવી અનેક બાબતો છે કે જે આપણે ગળે ઉતરે નહિ; પણ તેથી તેમાં ફેરફાર સમજવો નહિ.

**પ્રશ્ન ૪**—તીર્થંકરોના શરીરનું રુધિર દૂધ જેવા શ્વેત વર્ણવાળું જન્મથી હોય છે તેમ બીજા સામાન્ય કેવળીના શરીરનું કેવળજ્ઞાન થયા પછી પણ શ્વેત થતું હશે કે નહીં?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—એ અતિશય તીર્થંકરોનો છે અને જન્મથી જ છે. કેવળજ્ઞાન થયા પછીનો નથી; તેથી સામાન્ય કેવળીનું રુધિર તો રાતું જ હોય.

**પ્રશ્ન ૫**—શ્રી સ્થૂળભદ્રની બ્હેન યક્ષા સાધ્વી શ્રીયકના મરણથી પોતાને શું પ્રાયશ્ચિત્ત લાગ્યું તે પૂછવા મહાવિદેહ ક્ષેત્રમાં જઇ શક્યા તો એવી દેવ-સહાયથી સિદ્ધશિલા જોવા માટે જઇ શકાય કે નહીં ?

**ઉત્તર**—બાર દેવલોક સુધીના દેવો ગમનાગમન કરે છે તે પણ ઉપર તો પોતાના વિમાનની ધ્વજા સુધી દેખે છે ને ગમન પણ ત્યાંસુધી સ્વશક્તિએ કરી શકે છે. નવ ગ્રૈવેયક ને પાંચ અનુત્તર વિમાનના દેવો તો ગમનાગમન કરતા જ નથી. વળી અહીંથી મહાવિદેહમાં જવું તે તો માત્ર ૫૦૦૦૦ યોજનથી ઊણુ છે અને સિદ્ધશિલા તો અહીંથી સાત રાજ ઊંચી અસંખ્ય યોજન દૂર છે. ત્યાં જવાની કોઇ પણ દેવની શક્તિ છે જ નહીં.

**પ્રશ્ન ૬**—તીર્થંકરો દીક્ષા લીધા પછી કેવળજ્ઞાન થતા સુધી પ્રાયે મૌન રહે છે તો તે વખતે તે શેનું ધ્યાન કરતા હશે ?

**ઉત્તર**—ધર્મધ્યાનના ચાર પાયાનું ધ્યાન કરે છે અને કેવળજ્ઞાન થવાની નજીકમાં શુક્લ ધ્યાનના પ્રથમના બે પાયાનું ધ્યાન કરે છે. કેવળજ્ઞાન થયા પછી યોગનિરોધ ન કરે ત્યાંસુધી ધ્યાનાંતર દશા છે-કાંઇ પણ ધ્યાન કરતા જ નથી. તેરમા ગુણસ્થાનને અંતે શુક્લ ધ્યાનના ત્રીજા અને ચૌદમે ગુણઠાણે તેના ચોથા પાયાનું ધ્યાન કરે છે.

**પ્રશ્ન ૭**—તીર્થંકરને કેવળજ્ઞાન થાય ત્યારે તો દેવો આવે ને સમવસરણ કરે, તેથી તેમને કેવળજ્ઞાન થયાની ખબર પડે પણ સામાન્ય કેવળીને કેવળજ્ઞાન થયાની ખબર કેમ પડે ? તેને માટે નિશાની કાંઇ છે ?

**ઉત્તર**—સામાન્ય કેવળીમાં પણ જે મહત્ત્વશાળી હોય છે તેને માટે દેવો સ્વર્ણકમળની રચના કરે છે અને તેના પર બેસીને તેઓ દેશના આપે છે. બીજા કેવળીને કેવળજ્ઞાન થયાની ખબર તેમની સાથે વાત થવાથી, પ્રશ્ન કરવાથી અને તેઓ અતીંદ્રિય પદાર્થોનું સ્વરૂપ કહે તેથી પડી શકે છે; તે સિવાય પડતી નથી. તેને માટે કાંઇ નિશાની હોતી નથી.

**પ્રશ્ન ૮**—શ્રી ગૌતમસ્વામી શ્રી અષ્ટાપદની યાત્રાએ ગયા તે પોતે ચરમશરીરી છે એવી ખાત્રી કરવા માટે જ ગયા કે બીજું કાંઇ કારણ હતું ?

**ઉત્તર**—પ્રભુએ તેમની ગેરહાજરીમાં દેશનામાં કહ્યું હતું કે-જે મુનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની લબ્ધિવડે અષ્ટાપદ પર જઈ શકે તે ચરમશરીરી હોય. આ હકીકત સાંભળીને તેની ખાત્રી કરવા સારુ પ્રભુની આજ્ઞા લઈને તેઓ અષ્ટાપદ તીર્થે ગયા હતા અને પોતાની લબ્ધિથી ઉપર ચડી ભરતેશ્વરે ભરાવેલા ૨૪ તીર્થંકરોને વંદન કર્યું હતું. બાકી પ્રાયે દરેક ગણધરો ચરમશરીરી જ હોય છે.

**પ્રશ્ન ૯**—વીરપ્રભુએ પંદર સો તાપસને જો ગૌતમસ્વામીના સંસર્ગનો લાભ મળે તો જ કેવળજ્ઞાન થાય તેમ છે એમ ધારીને ઉપર જણાવ્યા પ્રમાણે દેશનામાં કહ્યું હશે કે સામાન્ય રીતે જ કહ્યું હશે ?

**ઉત્તર**—પ્રભુએ તો સામાન્ય રીતે જે મુનિ જાય તે પોતાની લબ્ધિએ અષ્ટાપદ પર ચડે તેને માટે કહ્યું હતું, બાકી તે નિમિત્ત ૧૫૦૦ તાપસોને કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે થયું એમ સમજવાનું છે.

**પ્રશ્ન ૧૦**—મનુષ્યલોકની અશુચિને લઈને પ્રાયે દેવો કારણ વિના મનુષ્યલોકમાં આવતા નથી, પરંતુ ચારણશ્રમણો તો ગમનાગમન કરે છે. તેમને તે દુર્ગંધી જણાતી નહી હોય ?

**ઉત્તર**—એ મુનિઓ તો મનુષ્યલોકમાં જ જન્મેલા છે તેથી તેમને તેની અશુચિની ગંધ સહેવાઇ ગયેલ હોય છે. વળી તેઓ અશુચિ ભાવના ભાવવાવડે તે અશુચિથી ઉદ્વેગ પામતા નથી. એ અશુચિ માત્ર પાંચ ભરત ને પાંચ ઐરવત ક્ષેત્રની નથી પરંતુ આખા મનુષ્ય ક્ષેત્રની છે એમ સમજવું

**પ્રશ્ન ૧૧**—ઊર્ધ્વલોકના વૈમાનિક દેવો કારણ વિના અહીં આવતા નથી પરંતુ એ અશુચિની ગંધ અહીં મનુષ્યલોકમાં જ રહેતા અનેક જાતિના તિર્યગ્જૃંભકાદિ વ્યંતર દેવો, દ્રહો ને કૂટો પર નિવાસ કરનારા દેવો ને દેવીઓ તેમજ વૈતાઢ્ય પર રહેનારા વિદ્યાધરોને જણાતી હશે કે નહીં ?

**ઉત્તર**—તે બધાને જણાય છે ને સહન કરે છે.

**પ્રશ્ન ૧૨**—જેવી રીતે પ્રસન્નચંદ્ર રાજર્ષિએ સાતમી નરકયોગ્ય દળ એક અંતર્મુહૂર્ત્તમાં મેળવ્યા અને બીજા અંતર્મુહૂર્ત્તમાં તે સર્વ દળ તેમજ પ્રથમના સત્તામાં રહેલા ચાર ઘાતિકર્મ ખપાવ્યા એવા બીજા દાખલાઓ ૫-૭ જણાવશો.

**ઉત્તર**—એવા અનેક દાખલાઓ પુન્ય ને પાપવડે અશુભ ને શુભકર્મ બાંધનારના શાસ્ત્રમાં છે. જુઓ અર્જુનમાળી, દ્રઢપ્રહારી એ પ્રથમ મહાપાપી હતા તે પાછા પાપથી ઓસરીને વીરપ્રભુના પસાયથી ધર્મ પામી સદ્ગતિના ભાજન થયા છે. એકલા પાપોદયથી ચારિત્ર ને તપ વિગેરેની શક્તિનો નાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનારના પણ ઘણા દૃષ્ટાંતો છે. અશુભના ઉદયથી ચારિત્રથી પતિત થઈને પાછા સ્થિર થનાર તરીકે અષાઢાભૂતિ, નંદિષેણ, રહનેમિ, સિંહગુફાવાસી મુનિ વિગેરેના દૃષ્ટાંતો છે.

**પ્રશ્ન ૧૩**—સ્ત્રીઓ પ્રતિક્રમણ કે પૌષધ પ્રસંગે માત્રુ કરવા જતાં વસ્ત્ર બદલતી નથી ને તે જ લુગડે ધર્મક્રિયા કરે છે તો તેવી છૂટ તેને હોય તો પુરુષને કેમ ન હોય ? એમાં ફેરફારનું કારણ શું ?

**ઉત્તર**—ખાસ કરીને તો અપવિત્ર થયેલ વસ્ત્ર ધર્મક્રિયામાં સ્ત્રીઓએ કે પુરુષોએ ન જ વાપરવું જોઈએ, પરંતુ સ્ત્રીજાતિને ત્રણ વસ્ત્રો બદલવા ને બીજા પહેરવા વિગેરેની અગવડને લઈને અશક્યપરિહાર તરીકે તેવી પ્રવૃત્તિ હોય તો તે લાભ પુરુષ લઈ શકે નહીં; કારણ કે પુરુષને એક વસ્ત્ર બદલવું શક્ય છે.

પ્રસંગોપાત જણાવવાનું કે એવું અપવિત્ર થયેલ વસ્ત્ર જિનપૂજામાં તો સ્ત્રીઓએ કે પુરુષોએ કોઈએ પણ વાપરવું નહીં.

**પ્રશ્ન ૧૪**—શાંતિસ્નાત્ર, અષ્ટોત્તરીસ્નાત્ર, પ્રતિષ્ઠાદિ મહોત્સવને પ્રસંગે ફળ, નૈવેદ્ય અને પુષ્પાદિ અનેક પ્રકારના લાવવામાં ને મંગાવવામાં આવે છે તેમાં કેટલુંક નૈવેદ્ય બગડી જાય છે, ફળો વધારે પાકી જવાથી બગડે છે અને પુષ્પો વાસી પણ આવે છે તો એને માટે ઓછે ખરચે અને ઓછી ચીજોથી એવી ક્રિયાઓ થાય તો તેથી અનેક પ્રકારનો લાભ થાય અને હાનિથી બચી જવાય. આ બાબતમાં તમારો વિચાર જણાવશો.

**ઉત્તર**—જૈનોની તમામ ધર્મક્રિયા વિવેક અને જયણાપૂર્વક જ કરવાની હોય છે તેથી તેમાં વિવેકી જનોએ વિવેક વાપરવો, જયણાને ભૂલવી નહીં. બાકી ખાસ પ્રતિબંધકારક તો કાંઈપણ નિર્ણય લખી શકાય તેમ નથી. વળી એમાં ઉદારતા વાપરવાની પણ આવશ્યકતા છે.

**પ્રશ્ન ૧૫**—ઉજમણાની પ્રવૃત્તિને અંગે ચંદરવા પુંઠીઆએ મુખ્ય સ્થાન લીધું છે. તેમાં સેંકડો ને હજારો રૂપિયા ખર્ચે છે તેના પ્રમાણમાં જ્ઞાનના ખાસ આરાધનરૂપ ધર્મપુસ્તકો મૂકાતા નથી, નવા લખાવાતા નથી ને છપાવાતા નથી. વળી મોટી કિંમતના ચંદરવા પુંઠીઆ પ્રાયે તિજોરીમાં પડ્યા રહે છે. જે તે માગવા આવી શકતા નથી ને જેને તેને આપતા પણ નથી. વળી કોઈપણ ઉપાશ્રયના સમુદાયને સોંપી શકાતા નથી જેથી કેટલીક વખત પરિણામ અનિષ્ટ પણ આવે છે. આ બાબતમાં સુજ્ઞ જનોએ સુધારો કરવાની જરૂર છે કે નહીં ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તર**—એ બાબતની ખાસ જરૂર છે પરંતુ એનો સુધારો આપણા પૂજ્ય પુરુષોના હાથમાં છે. તેઓ જ્યારે ઉપરના ભભકા કરતાં અંદરના લાભને-આત્મિક લાભને ઉચ્ચ સ્થાન આપી તદનુસાર ઉપદેશ આપશે ત્યારે સુધારો થઇ શકશે. તે વિના તો ઉદ્યાપન કરનાર પોતે સુજ્ઞ હોય ને તે લાંબી નજર પહોંચાડીને ચંદરવા પુંઠીઆમાં પરિમિત દ્રવ્યનો વ્યય કરે—સંખ્યા વધારે અને જ્ઞાનના સાધન પુસ્તકાદિ સારી સંખ્યામાં મૂકી બહોળે હાથે જૈન બંધુઓને તેમજ સાધુ સાધ્વીઓને અને સંસ્થાઓને ભેટ આપશે ત્યારે અનુક્રમે સુધારો થઇ શકશે.

**પ્રશ્ન ૧૬**—જૈન મંદિરોમાં પૂજારી તરીકે જૈન ધર્મ પાળનાર સિવાય અન્ય કોમને રાખવામાં આવે છે તેઓ જિનભક્તિ કરતા નથી પરંતુ અનાદર કરે છે, વખત પર અન્ય દેવી દેવને ઘુસાડી દે છે આમ અનેક સ્થાને બનેલ છે. એકંદર લાખો રૂપિયા તેના પગારમાં જાય છે તો કોઇ પણ રીતે જૈનને જ પૂજારી તરીકે રાખવાનો પ્રબંધ થાય અને તેને પગાર દેવદ્રવ્યમાંથી આપવામાં વાંધો ન આવે તેમ થવાની જરૂર આપને જણાય છે કે નહીં ? બીજા ખાતાઓમાં તેમજ પોતાને ત્યાં પણ નોકર તરીકે જૈનોને જ રાખવાનું ધોરણ અખત્યાર થવાની જરૂર છે કે નહીં ?

**ઉત્તર**—જૈનેતર પૂજારીઓથી થતી આશાતના ને અનાદર દરેક જૈનબંધુ જોઇ શકે તેમ છે. તેમાં પણ બ્રાહ્મણ જાતિના પૂજારી તો પ્રાયે અવજ્ઞાથી જ કાર્ય કરે છે, કારણ કે તેને વિરુદ્ધધર્મનો વાસ લાગેલ હોય છે તેથી કોઇપણ રીતે પ્રથમ કેળવીને—સમજાવીને જૈનધર્મીને જ જો પૂજારી તરીકે રાખવાની વ્યવસ્થા થાય તો તે ઇચ્છવાયોગ્ય છે.

એ સિવાય બીજા ખાતાઓમાં તેમજ પોતાને ત્યાં પણ જૈન બંધુઓને ગોઠવવાનો વિચાર ઘણો ઉત્તમ છે. શ્રીમંત જૈનો જો એ વિચાર પર આવે તો ઘણા બેકારી રોજગાર વિનાના જૈન બંધુઓ કામે લાગી જવા સંભવ છે, પરંતુ આ સંબંધમાં ઉપેક્ષા ભાવ નજરે પડે છે.

જૈનધર્મીને માટે પગાર દેવદ્રવ્યમાંથી આપવો તે યોગ્ય લાગતું નથી, તેને માટે બીજી ગોઠવણ થવાની જરૂર છે અને તે થઇ શકે તેમ છે, પરંતુ આગેવાનોનું તે તરફ લક્ષ ખેંચાવું જોઇએ.

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૂક્તમુક્તાવલી :: સિંદૂર પ્રકર :

## સમશ્લોકી ભાષાંતર ( સભાવાર્થ )

## ( ૯ ) અસ્તેયદ્વાર

### માલિની

અભિલપતી જ સિદ્ધિ ઋદ્ધિ તેને વરે છે,
અભિસરતી સુકીર્ત્તિ જન્મ પીડા ત્યજે છે;
સ્પૃહતી સુગતિ દેખે દુર્ગતિ ના જ અત્ર,
ત્યજતી વિપદ તેને જે ગ્રહે ના અદત્ત. ૩૩

'જે અદત્ત લેતા નથી તેને સિદ્ધિ અભિલપે છે–ઇચ્છે છે, સમૃદ્ધિ વરે છે, સત્કીર્તિ અનુસરે છે, સંસાર–પીડા ત્યજે છે, સદ્ગતિ સ્પૃહે છે, દુર્ગતિ સામું જોતી નથી, વિપત્તિ ત્યજે છે.'

જે અદત્તાદાન નથી લેતા તે પરાક્રમવંત પુરુષના ગુણ પ્રત્યે મુગ્ધ થઇ સિદ્ધિ–સુંદરી તેને ઇચ્છે છે; ઋદ્ધિ–રમણી સ્વયં વરે છે; કીર્ત્તિ–કાંતા તેની સામે મળવા જાય છે; સુગતિ–કામિની તેની સ્પૃહા કરે છે; કુલટા જેવી સંસાર–પીડા તેનો ત્યાગ કરે છે; દુર્ગતિ દુષ્ટા તેની સામું પણ જોતી નથી અને વક્ર–ગામિની વિપત્તિ તેને છોડી દે છે.

અદત્તાદાન–ચોરી ત્યજનારને આવું સદ્ભાગ્ય સાંપડે છે. ૩૩.

### શિખરિણી

અદીધું ના લે જે સુકૃત કરનારો જગતમાં,
વસે ત્યાં સત્શ્રેણી જયમ જ કલહંસી કમળમાં;
વિપદ્ તેથી ભાગે દિનકરથી રાત્રી જયમ અને,
શિવશ્રી સ્વર્ગશ્રી ભજતી જયમ વિદ્યા વિનીતને. ૩૪

'જે અદત્ત લેતા નથી તે પુણ્યવંત જનમાં શુભ પરંપરા–જેમ કમળમાં કલહંસી વસે છે તેમ, આવીને વસે છે; રાત્રિ જેમ સૂર્યથી દૂર પલાયન કરી જાય છે, તેમ વિપત્તિ તેનાથી દૂર ભાગી જાય છે; અને વિદ્યા જેમ વિનયવંતનો આશ્રય કરે છે તેમ સ્વર્ગલક્ષ્મી અને મોક્ષલક્ષ્મી તેનો આશ્રય કરે છે.'

જેમ કલહંસી કમળથી આકૃષ્ટ થઇને ત્યાં વાસ કરે છે, તેમ ધૃતિ–સ્મૃતિ–કીર્તિ–કાંતિ–લક્ષ્મી–મેધા–વિદ્યા આદિ અનેક શુભ પરંપરાઓ અથવા સર્વ પ્રકારની દ્રવ્ય ભાવ સંપત્તિ, અદત્તાદાન ત્યજનારે પુણ્યવંતના પુણ્યથી આકર્ષાઇને તેનામાં વાસ કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂર્યની પ્રભાના ઉદ્‌ભેદ થતાં-પીંડા ફાટતાં જેમ રાત્રિ પલાયન કરી જાય છે, તેમ વિપત્તિ પ્રસ્તુત પુણ્યવંતથી દૂર-દૂર ભાગી જાય છે. જેમ વિદ્યા વિનયવંતનો આશ્રય કરે છે ( શ્રેણિક રાજા અને ચાંડાલનું દૃષ્ટાંત અત્ર સુપ્રસિદ્ધ છે ) તેમ સ્વર્ગ અને મોક્ષની સંપત્તિ તે પુણ્યવંતને ભજે છે. ૩૪.

શાર્દૂલવિક્રીડિત

**કીર્તિ ધર્મ પમાડતું નિધન જે, સૌ પાપનુ સાધન,**
**જેનાથી વધબંધન, સ્વમનનું જે દૌષ્ટ્ય ઉદ્‌બોધન;**
**જે નિબંધન દુર્ગતિનું, સુગતિ સંબંધ સંરોધન,**
**ને ક્લેશાત્મ અદત્ત એવું ધન તે ઇચ્છે નહિં ધી ધન. ૩૫**

' જે કીર્ત્તિ અને ધર્મને નિધન-મૃત્યુ પમાડે છે, જે સર્વ પાપનું સાધન છે, જેનાથી વધ-બંધન પ્રાપ્ત થાય છે, જે ચિત્તના દુષ્ટ આશયનું ઉદ્‌બોધન-પ્રકાશન કરે છે, જે દુર્ગતિનું કારણ છે, જે સુગતિના સંબંધને રોધનારું છે, જે ક્લેશ ઉપજાવનારું છે એવું અદત્ત ધન બુદ્ધિમાન્ કદી ઇચ્છે નહિં. '

અદત્તાદાનથી શું શું હાનિ થાય છે તે અત્ર પ્રદર્શિત કર્યું છે. તે કીર્ત્તિનો અને ધર્મનો વિનાશ કરે છે. ચોરી કરનારની કીર્ત્તિ કેવી હોય છે તે તો આખું જગત જાણે છે. અને જે ચોરી કરે છે તેના ધર્મનો ધ્વંસ થાય એમાં તો કાંઇ નવાઇ નથી; કારણ કે ખોટું ન બોલવું, ચોરી ન કરવી, એ આદિ તો ધર્મના પ્રાથમિક સૂત્રો છે, ધર્મની બારાખડી ને કક્કારૂપ છે; એટલું પણ સદાચરણ જે ન આચરી શકે તેનાથી વિશેષ ધર્મ તો શું સાધી શકાવાનો હતો ?

ચોરી સર્વ પાપના સાધનરૂપ છે. જ્યાં ચોરી હોય છે ત્યાં તેના આનુષંગિક અન્ય પાપ પણ આવીને ઊભા રહે છે. પૂર્વે કહ્યું હતું તેમ હિંસા, અસત્ય, સ્તેય આદિ એક જ વંશના સંતાન છે, એક જ કુટુંબના સભ્યો છે, એટલે એક હોય ત્યાં અન્યનું અસ્તિત્વ હોય જ છે.

ચોરી કરનારને આ લોકમાં અનેક પ્રકારના દંડ-શિક્ષા, વધ-બંધન-તાડન આદિ સહવા પડે છે એ સર્વવિદિત છે અને પરલોકમાં પણ નરક-તિર્યંચ આદિ દુર્ગતિમાં નાના પ્રકારની યાતના વેઠવી પડે છે, જેનું વર્ણન શાસ્ત્રકારોએ અત્યંત વિસ્તારથી કરી બતાવ્યું છે.

ચોરી કરનારનું માનસ જ એવું ક્લિષ્ટ બની જાય છે કે એમાં અનેક પ્રકારના આશયોનો સ્વયં ઉદ્‌ભવ થાય છે; અનેકવિધ દુષ્ટ વ્યવસાયોનું તેમાં ઉત્થાન થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોરીથી પાપનું પલ્લું નમે છે અને તેના ગુરુત્વથી અધોગતિ સાંપડે છે. ચોરીથી પુણ્યનો અભાવ અને પાપનો પ્રાદુર્ભાવ થાય છે, એટલે સદ્ગતિનો વિરહ થાય છે.

ચોરી પોતે જ ક્લેશરૂપ છે, અને તેનાં પરિણામ પણ ક્લેશરૂપ છે.

આમ અનેક પ્રકારે દુઃખદાયક ચોરી બુદ્ધિમાન્ કદી કરે નહિ. ૩૫.

હરિણી વૃત્ત

**પરમન પીડોદ્યાન સ્થાન હિંસનનું અતિ,**
**જલદરૂપ જે વિશ્વવ્યાપી વિપત્તિ લતા પ્રતિ;**
**કુગતિપથ જે મુક્તિ ને સ્વર્ગ દ્વારનું અર્ગલ બને,**
**ઉચિત ત્યજવું એવું ચૌર્ય સ્વઆત્મહિતાર્થિને. ૩૬**

'પરમનપીડાનું જે ક્રીડાવન છે, જે હિંસારૂપ ભાવનાનું મંદિર છે, જગદ્‌વ્યાપક વિપત્તિરૂપ લતા પ્રત્યે જે મેઘમંડળરૂપ છે, કુગતિ ગમનનો જે માર્ગ છે, જે મુક્તિ અને સ્વર્ગનગરીના દરવાજાને આગળિઆરૂપ છે, એવું ચૌર્ય આત્માર્થીએ ત્યજવા યોગ્ય છે.'

ચોરી બીજા જનના મનને પીડા ઉપજાવનાર છે, કારણ કે જેની વસ્તુ ચોરાય છે તેને અત્યંત આઘાત પહોંચે છે. ધનાદિ વસ્તુ જનના બાહ્ય પ્રાણ ગણાય છે. એટલે પરધન હરણથી પ્રાણ જવા જેવું દુઃખ ઉપજે છે, જે પરધન હરે છે તે તેના પ્રાણ હરે છે. કહ્યું છે કે:—

**"अर्था नाम य एते प्राणा एते बहिश्चराः पुंसाम् ।**
**हरति स तस्य प्राणान् यो यस्य जनो हरत्यर्थान् ॥"**

**—શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય**

એટલા માટે ચોરીને અત્રે પરપીડનનું ક્રીડાવન કહ્યું છે.

ચોરીને કારણે હિંસાભાવનાનો ઉદ્‌ભવ થાય છે. ચોરી અર્થે અનેક ખૂનો અને હિંસ્ર કાર્યો થાય છે તે તો આ જગતના દૈનિક બનાવો છે. એટલે ચોરીને હિંસાનું ભુવન કહ્યું તે વાસ્તવિક જ છે.

ચોરીથી અનેક પ્રકારની આપત્તિ ફાલીફૂલી નીકળે છે, એટલે ચોરીને વિપત્તિ લતા પ્રત્યે મેઘની ઉપમા આપી છે.

ચોરી કુગતિ નગરી પ્રતિ જવાનો ધોરી માર્ગ છે, અને મુક્તિ અને સ્વર્ગપુરીના દરવાજા આડે આગળિયારૂપ છે.

આમ અનેક દોષયુક્ત એવી ચોરી આત્મહિત ઇચ્છનારે કદી પણ આચરવા યોગ્ય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" अवितीर्णस्य ग्रहणं परिग्रहस्य प्रमत्तयोगाद्यत् ।
तत्प्रत्येयं स्तेयं सेव च हिंसा वधस्य हेतुत्वात् ॥ "

—શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય

" પ્રમાદયોગથી અદત્ત પરિગ્રહનું જે ગ્રહણ તે ચોરી, અને વધના કારણપણાને લઇને તે જ હિંસા છે. "

પારકી વસ્તુ લેવી તેનું નામ ચોરી, એ વ્યાખ્યા પરમાર્થ દૃષ્ટિએ ઘટાવીએ તો આત્માથી વ્યતિરિક્ત ( જુદી ) એવી કોઇ પણ પરવસ્તુનું ગ્રહણ તે ચોરી. અનાદિકાળથી આ આત્મા આવી ચૌર્યવૃત્તિ જ કરતો આવ્યો છે, કારણ કે પોતાના નહિં એવા પરવસ્તુરૂપ પુદ્ગળ ક્ષેત્રમાં એણે માથું માર્યું, પરવસ્તુની ચોરી કરી, એટલે કર્મપરિણામ મહારાજાએ ગુસ્સે થઇને તે 'સંસારીજીવ ચોરને' દેહ-પિંજરમાં પૂરી, ચતુર્ગતિરૂપ યાતનામય સ્થાનમાં ઠેર ઠેર ભમાવી, તેના ગુન્હાને અનુરૂપ દંડ આપ્યો છે. હવે તો એ ચોર જ્યારે પોતાની ગત ભૂલનું પ્રાયશ્ચિત્ત કરે અને પુનઃ તેવું ન કરે તો જ તેનો છૂટકારો થાય ! અસ્તુ ! ૩૯.

આ શ્લોક ચતુષ્ટયનો સારસમુચ્ચયઃ—

દોહરા

**અદત્ત ત્યજતાં શુભ બધું, ભજતાં અશુભ જ હોય;**
**એમ ગણી આત્માર્થીએ, ત્યજવું અદત્ત સોય.**

॥ इति अस्तेयद्वार ॥

ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા

## અગુરુલઘુ ગુણની સ્પષ્ટતા

સિદ્ધના જીવોને ગોત્રકર્મના ક્ષયથી અગુરુલઘુ ગુણ પ્રગટે છે તે ગુણના અર્થમાં કેટલાક સુજ્ઞ પણ અરૂપીનાં અગુરુલઘુ ગુણ ( પર્યાય ) તરફ ખેંચાઇ જાય છે, પણ તે ગુણનો અર્થ શ્રી આત્મપ્રબોધ ગ્રંથના ચોથા પરમાત્મ પ્રકાશમાં આ પ્રમાણે કહેલ છે:—

'ઉચ્ચ ગોત્રના ઉદયથી જીવ ઉચ્ચ કહેવાય છે ને નીચ ગોત્રના ઉદયથી જીવ નીચ–હલકો ગણાય છે, તે બંને પ્રકારનું ગોત્ર કર્મ સર્વથા ક્ષય થવાથી અગુરુલઘુ ગુણ પ્રગટે છે–જેથી સિદ્ધના જીવો ઉચ્ચ કે નીચ કહેવાતા નથી, સર્વ સિદ્ધોમાં સમાન ભાવ હોય છે.'

પુદ્ગળના ૨૨ પ્રકારના પરિણામમાં વર્ણ, ગંધ, રસ ને સ્પર્શના ૨૦ પ્રકાર ઉપરાંત વાયુ જે તિર્છો વહે છે તેને ગુરુલઘુ પરિણામવાળો અને સિદ્ધશિલા તથા જ્યોતિષીના વિમાન વિગેરેને અગુરુલઘુ પરિણામવાળા શ્રી સમવાયાંગસૂત્રમાં કહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવહાર–કૌશલ્ય

લેખક—મૌક્તિક

(૧૦૨)

**" ભૂલો શોધવા સારુ દુનિયામાં ભમવા માટે જિંદગી ઘણી ટૂંકી છે, તમારી પોતાની ભૂલોની શોધ પણ બધો વખત લઇ લે તેવું કામ છે."**

ઘણા માણસોનું માનસ આખા સુંદર શરીરમાં જો એકાદ જગ્યાએ એબ કે ખોડ હોય તો તે શોધી તેના ઉપર ભાર મૂકવા તરફ રહે છે. સર્વાંગસુંદર શરીરમાં આંખ વાંકી–ઢાંગી હોય તો તેની નજર તેના ઉપર પડશે. કોઇના વાંકા પગ જોશે, તો કોઇના ભમર આડા જોશે; કોઇના ગાલમાં ખાડા જોશે તો કોઇના નાકની ડાંડી વળાટ ખાધેલી જોશે.

આ તો શરીરની વાત થઇ, પણ એવી જ રીતે વર્તનમાં સામા માણસની એકાદ ભૂલ કે ખોટી ખાસીયત હશે તો તેના ઉપર એ ચીવટથી ધ્યાન આપશે. બોલવામાં એ ઉતાવળો છે, કામ કરવામાં એ ઢીલો છે, સામાને ઉતારી પાડવામાં એ તત્પર છે, કામ લેવામાં એ જીદ્દી છે–આવી આવી વાત શોધી કાઢી એ અન્યથા ગુણવાન માણસને ઉતારી પાડવામાં પોતાની આવડત, શક્તિ અને વિચારણાનો ઉપયોગ કરશે. એને સો સારી વાત કરતાં એકાદ નબળી બાબત હશે તે એના મન પર તરી આવશે. એને ખબર નથી કે એમ નબળી વાત જોવા કરીએ તો સર્વત્ર નબળાઇ, ભૂલ અને દોષો જ દેખાયા કરશે. દુનિયામાં સર્વગુણી તો કોઇ નથી. એ તો મહાત્મા પુરુષો જ–વીતરાગ જ તેવા હોય. બાકી તો કોઇનાં નળીઆં ચુવે અને કોઇનાં નેવાં ચુવે. એમ જોઇએ તો આરો આવે તેમ નથી. જોયા કરો અને તે પર મીટ માંડો એટલે કોઇ કોઇ દોષ તો એક કે બીજા આકારમાં મળી આવશે જ.

પણ એવું તે કેટલું જોશો ? ક્યાં સુધી જોશો ? એનો છેડો ક્યાં આવશે ? એમાં મજા નથી. અરે ! બીજાના દોષો જોવાની તો વાત બાજુ પર રાખો, તમારા પોતાના જ દોષો તપાસશો તો પણ આરો નહિ આવે. જેમ જેમ વધારે પૃથક્કરણ કરશો, આત્મનિરીક્ષણ કરશો, આંતર પર્યાલોચના કરશો તેમ તેમ અનેક નબળાઇ, ઊણપ અને અલ્પતાના થરના થર મળી આવશે.

એ બન્ને વાતમાં મજા નથી. મજા તો ગુણ શોધવામાં છે. જેટલા બને તેટલા સારા ગુણો શોધો; નાના ગુણને મહત્ત્વ આપો; ગુણના રાગી થાઓ. મરેલ કુતરો સડેલો અને દુર્ગંધી હતો તોપણ તેના દાંતની પંક્તિની પ્રશંસા કરનાર શ્રી કૃષ્ણ મહારાજનું અનુકરણ કરો. આ જીવનનો ઉદ્દેશ કાદવ ચુંથવાનો નથી, પણ ઉન્નતગામી છે, ગુણપરીક્ષાનો છે, સાધ્યસમીપ પ્રગતિ કરવાનો છે. આખી જિંદગી ગાઇ ગાઇને કચરો ચુંથીએ તો પણ પાર આવે તેમ નથી અને પાંચ પચીસ વર્ષે હિસાબ તો ચૂકાવવા પડવાના જ છે. ત્યારે કેટલો કાદવ શોધ્યો તેનો હિસાબ આપશો ? એનાં સરવાળા કે ગુણાકાર નહિ થાય, એમાં તો નરી બાદબાકી જ થશે એને સમજુ, ગણતરીબાજ કુશળ મનુષ્ય યોગ્ય સામગ્રી પામીને

For Private And Personal Use Only

બાકીના હિસાબ ન જ કરે. દોષ શોધવા એ કાગડા કૂતરાનું કામ છે, હંસ તો ક્ષીરનીરનો તફાવત વિવેકપૂર્વક કરે. ગંદું કામ તો ગંદાને સોંપવું ઘટે. કુશળ સજ્જન તો નિરંતર સાફ થતો જાય અને સાફ સ્થાન જોઈ ત્યાં આનંદ માણે.

"Life is too short to go about the world looking for faults, even looking for your own is a full time job." (10-2-37)

( ૧૦૩ )

## " લોકો હમેશાં ફળવાળા ઝાડ તરફ જ પથરા ફેંકે છે. "

દુનિયાનો વિચિત્ર લાગતો આ ક્રમ ખરેખર સાચો છે. બાવળીઓ ઊગ્યો હશે, કાંટાથી ભરેલો હશે તેને કોઇ વતાવશે નહિ, પણ પાકેલ કેરીથી ઝુકી પડેલા આંબા તરફ પથ્થર ફેંકશે. દુનિયાની નજર પોતાના સ્વાર્થ તરફ છે. એને તો ગમે તેમ કરીને ફળ ખાવાં છે અને મફતીઆં મળી જાય તો ખીસામાંથી એને ફદીઆં કાઢવાં નથી. ફળ વગરનાં ઝાડને જતાં કરી ફળવાળા ઝાડ પર પથ્થર ઉગામતાં દુનિયાને સંકોચ કે શરમ થતાં નથી, એમ કરવામાં પોતે ઝાડને અને પોતાની વિવેકશક્તિને અન્યાય કરે છે એવા તેના મનમાં કે વિચારમાં ખ્યાલાત પણ થતી નથી.

એ જ રીતે દાન આપનાર પર દુનિયા આક્ષેપો વરસાવશે. મોટું જ્ઞાતિનું જમણ આપનારની તૈયારીમાં જરા કદી અગડી હશે તો તેના પર હદ વગરના આક્ષેપો એ કરી નાખશે. સો રૂપિયા દાનમાં કે બક્ષીસમાં લેવા ઇચ્છનારને સામો માણસ દશ રૂપિયા આપશે તો તેને લોભી કે અભિમાનીની ઉપસંજ્ઞા આપી તેને એ ચાર ચોપડશે. સારા પ્રોફેસર જરા ઉતાવળથી નોટ લખાવશે તો એની શીઘ્રતા પર એ વાગ્પ્રહાર કરશે. આવો દુનિયાનો ક્રમ છે. નોકર શેઠના સંબંધમાં પણ એ જ વાત જોવાય છે અને કોઇપણ સંસ્થાના ઇતિહાસમાં ઊંડા ઉતરતાં જણાશે કે એના વગરસ્વાર્થે કામ કરનાર કાર્યવાહક તરફ અને તેની સામે દુનિયા આક્ષેપના ગુલબાનો ઉડાવ્યા જ કરતા હશે.

તમે ઝાડની નજરે જુઓ. આપનારની નજરે જુઓ. જમાડનારની નજરે જુઓ. એ પથરા કે આક્ષેપ ફેંકનારની હકીકત ધ્યાનમાં રાખી ફળ આપવાનું બંધ કરશે ? એ ફેરારતાનું મ્હોં શીવી લેશે ? એ જમણ આપવાનું માંડી વાળશે ? કદી નહિ. આપનાર તો આપવાનો જ છે. નળ ઉપર ઊભા રહી ચકલી ફેરવો કે પાણીના ઢગલા નીકળી જ આવશે. એના નળ પર પથરા મારો કે ઘણ મારો ; એને આપવાનો સ્વભાવ જ પડ્યો છે, એટલે એ તો આપ્યા જ કરશે. આંબાને કેરી આવે ત્યારે એની ડાળો નીચી થાય છે. એને તો જેમ ફળ આવે તેમ એની નમ્રતા વધે જ જાય છે. સોનાને વધારે તપાવે તેમ તે વધારે ચોખ્ખું થતું જાય છે તેમ પરોપકારી સજ્જનો આક્ષેપ થતાં વધારે ઉપકાર કરનારા થતા જાય છે. મધ હોય ત્યાં માખી આવે જ છે અને કેક માખીઓ ચટકાઓ પણ મારે છે, પણ તેથી પુષ્પ મધ આપતું કદી બંધ થતું જ નથી. એ તો એની કસોટી જ છે. એમાં શીની કે આક્ષેપકની વિવેકશક્તિ પર ગમે તેટલી ટીકા કરવામાં આવે તેની વાત જુદી જ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનસુધારણા માટે ઉત્તમ બોધની વાનગી

૧ સામાન્ય સ્નેહ કરતાં શુદ્ધ નિઃસ્વાર્થ પ્રેમ ઉચ્ચ છે. તે કરતાં પણ ફરજનું યથાર્થ ભાન અતિ ઉચ્ચ છે.

૨ અંતરંગ ગુણ ઉપર વધારે લક્ષ આપવું, તેને જ વધારે ખીલવવું કે જેથી સંસારનું શાંત સુખ મેળવતાં કાયમના મોક્ષસુખ માટે અવકાશ મેળવી શકાય.

૩ **મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થતા** એ **ચારે** ભાવના ધર્મની પ્રાપ્તિ, રક્ષા ને **પુષ્ટિ માટે અપૂર્વ રસાયણનું** કામ કરે છે. એથી દુઃખ માત્ર દૂર થાય છે અને સ્વપરહિતમાં વૃદ્ધિ થવા પામે છે. યોગશાસ્ત્રાદિકમાંથી તેનું સવિસ્તર વર્ણન વાંચી-વિચારી જીવનમાં ઉતારનારનું શ્રેય થાય છે.

૪ ખરી મિત્રતા એટલે ગાંઠ–જોડાણ. તે જો તૂટે તો તે મિત્રતા શેની કહેવાય ?

૫ પોતાની પત્ની પણ મિત્રવત્ એક જ અંગરૂપ હોઇ, તેનો વિચાર ભેગો જ આવે.

૬ સાર એ છે કે સમજુએ સહનશીલતાનું સેવન કરવું, સ્વાર્થ–ત્યાગને પાસે ને પાસે જ રાખવો. આવી ઉત્તમ ભાવના જ દાંપત્ય અને મૈત્રીના યથાર્થ નમૂના ઉપજાવી શકે છે.

૭ શુદ્ધ પ્રેમ સૂક્ષ્મ વિષયને અવલંબે છે અને ઉચ્ચ સ્થિતિ તરફ લઇ જાય છે. વળી વધતાં વધતાં સૂક્ષ્મ વિષયો ઉપરથી સર્વ જીવ તરફ સમદૃષ્ટિ રાખવા તરફ દોરી જાય છે. તેવી રુચિ–લાગણી રાખવી એ સુજ્ઞોનું કર્તવ્ય છે અને ભવ તરવાના અનેક કારણોમાંનું એક કારણ છે.

૮ ધૈર્ય, હિમ્મત અને ખંતભર્યા સુપ્રયત્નથી અશક્ય જેવા જણાતાં કાર્યો પણ શક્ય બને છે.

૯ દરેક માણસની એક પવિત્ર ફરજ છે કે પોતે પોતાને માટે તેમજ જગતને માટે કાંઇક કરવું જ જોઇએ. જો ન કરે તો તેનો બોજો અન્યને શિરે પડે છે અને પોતે પૃથ્વીમાં ભારરૂપ ગણાય છે.

૧૦ જો ફરજનું ભાન ભૂલાશે તો ઘાંચીના બળદની માફક એકની એક સ્થિતિએ રહેશે અથવા

---

છે, પણ આપનારને તો આપવું જ છે, અને આપીને રાજી થવું છે, એને પરના આનંદમા જ મોજ માણવી છે, જનતા તો સામાન્ય ભૂમિકા ઉપર રહેશે, પણ ઉન્નત સ્થાને રહે નમ્ર બનેલ ફળવૃક્ષ પોતાનું ગૌરવ કદી છોડશે નહિ. એમાં એની મહત્તા છે, એનું ગૌરવ છે મધ અને ફળ વધારો, અપાય તેટલું આપો, પથરા પડે કે આક્ષેપ થાય તો પણ આપે આપવાથી ખૂટવાનું નથી અને પથ્થર પડવાના ભયથી અટકવાનું નથી.

"People throw stones only at trees with fruits on them."

(18-12-36.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીચો નહિ ગબડી પડશે. માટે દરેક માણસે પોતાના આત્માને ઉન્નત કરવા સારૂ સામગ્રી એકઠી કરવી જોઇએ અને આપણા તેમજ આસપાસનાઓ પ્રતિ ફરજ બજાવવી જોઇએ.

૧૧ સભ્યતાથી વિનયપૂર્વક સર્વની સાથે વર્તવું. પણ તેનો અતિયોગ થાય તો ખુશામત-ખોરીમાં ખપીએ. મનુષ્યોને સત્યવાદી થવા કરતાં પ્રિયવાદી થવાનું વધારે ગમે છે કે જેથી અન્યને ખોટું ન લાગે.

૧૨ સત્યના પાલનથી ધર્મનું રક્ષણ નહિ થાય તો શું સત્યના ઉલ્લંઘનથી થશે ? નહિ જ. બીજા માણસોની પ્રીતિ મેળવવું બોલવાથી કદાચ આપણી ઉપર થાય તો તે કેવા-શું સાચી ?

૧૩ સત્ય પણ પ્રિય અને હિતકર હોય તે જ વચન ઉચ્ચારવું, જેથી સ્વપરનું અહિત થવા ન પામે.

૧૪ પ્રિયનો આશ્રય કરી હિતકર ને સત્ય છોડી દેવાથી જ દેખાતો બધો દંભ પ્રવેશ પામ્યો છે.

૧૫ જરૂરી સદ્ગુણો ધારણ કરીને, અન્ય જનોને અનુકરણ યોગ્ય બને એવું આચરણ સેવવું.

૧૬ ઊંઘ, આળસ ને ગપ્પા છોડી પ્રાપ્ત સમયનો સદુપયોગ કરવો. વખતની કિંમત સમજી લેવી.

૧૭ યત્ન કરવો, પણ નકામી ચિન્તા કરવી તે ખરેખર આપણી ભૂલ છે. ઘણા તે ભૂલના ભોગ થઇ પડે છે.

૧૮ ઉદ્યમ તથા ફળ બને જુદી જ વસ્તુ છે. ઉદ્યમ આપણા હાથનું કાર્ય છે. ફળ અન્ય નિમિત્તાધીન છે.

૧૯ મનુષ્યસ્વભાવના બે જુદી દૃષ્ટિવાળા વલણ છે. અમુક ભાગ સર્વ સ્થળે સારું જ જોયા કરે છે, બીજાને સર્વત્ર દુઃખની જ કલ્પના થયા કરે છે. તેમાં કંઇ પણ ફેરફાર થઇ શકે ખરો પરંતુ તે તથાપ્રકારના ઉદ્યમથી થઇ શકે.

૨૦ જે કામ ડૂબતું હોય તેને મૂકી દેવું તેમાં મોટાઇ કે માણસાઇ નથી. તેવી પડતી સ્થિતિ-માંથી ઉચ્ચ સ્થિતિએ આપણી પ્રેમી વસ્તુઓને આણવી તેમાં અપૂર્વ બળ, સ્વાર્થત્યાગ ને ધીરજની જરૂર છે.

૨૧ મોહનીકર્મ આપણને ભૂલ ખવરાવે છે. એવે પ્રસંગે મિત્ર કે વિશ્વાસુ સાથીનો ખપ પડે છે.

૨૨ એકબીજાના ધર્મ-કર્મ સામે આક્ષેપ કરી અંટસ વધારવો ન જોઇએ. એકબીજાના સામાન્ય લાભ માટે કાંઇ કરવું હોય ત્યારે બધાએ ભેગા મળી કાર્ય કરવાની ખાસ જરૂર છે. કાંઇ જુદાઇનો અંશ હોય તેને કાપી નાંખી એક પ્રજાજન તરીકે બનવાની ખાસ આવશ્યકતા છે. તે વગર આર્યાવર્તનો આ સ્થિતિમાંથી ઉદ્ધાર થવો શક્ય નથી. સંપના અભાવે થતી સ્પર્ધાવડે સ્વાર્થીઓએ આપણને પાયમાલ કર્યા છે. એથી આપણે નબળા પડ્યા છીએ એ સ્વતઃ સિદ્ધ છે.

૨૩ જાપાનના સંપે શું શું કાર્યો કર્યાં છે ? તે જાણી તેમનું ઉચિત અનુકરણ કરવું એ જ પ્રથમ કર્તવ્ય છે.

૨૪ દેશના દ્રોહમાં કોઇ દિવસ ધર્મ સમાયેલો હોય એમ સમજવું નહિ, તેથી દેશહિત શિખો ને ઉચિત કરો.

ઇતિશમ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " તત્ત્વ-નિશ્ચયાત્મક વચન સંગ્રહ "

૧ આત્મપરિણામની અવિશેષ સ્થિરતા થવા વાણી અને કાયાનો સંયમ ઉપયોગપૂર્વક કરવો ઘટે છે.

૨ ત્રણે કાળમાં જે વસ્તુ જાત્યંતર થાય નહીં તેને શ્રી જિન **દ્રવ્ય** કહે છે.

૩ કોઇ પણ દ્રવ્ય પરપરિણામે પરિણમે નહીં. સ્વપણાનો ત્યાગ કરી શકે નહીં.

૪ પ્રત્યેક દ્રવ્ય (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી) સ્વપરિણામી છે. નિયત અનાદિ મર્યાદાપણે વર્તે છે.

૫ જે ચેતન છે તે કોઇ દિવસ અચેતન થાય નહીં, જે અચેતન છે તે કોઈ દિવસ ચેતન થાય નહીં.

૬ જો આ જીવ ( રાગ-દ્વેષાદિ ) વિભાવ પરિણામને ક્ષીણ નહીં કરે તો તે આ જ ભવને વિષે પ્રત્યક્ષ દુઃખ વેદશે.

૭ જે જે પ્રકારે આત્માએ ચિંતન કર્યું હોય તે તે પ્રકારે તે પ્રતિભાસે છે.

૮ વિષયાર્ત્તપણાથી મૂઢતાને પામેલી વિચારશક્તિવાળા જીવને આત્માનું નિત્યપણું ભાસતું નથી, એમ ઘણું કરીને દેખાય છે, તેમ થાય છે તે યથાર્થ છે; કેમકે અનિત્ય એવા વિષયને વિષે આત્મબુદ્ધિ હોવાથી, પોતાનું પણ અનિત્યપણું ભાસે છે.

૯ વિચારવાનને આત્મા વિચારવાન લાગે છે. શૂન્યપણે ચિન્તન કરનારને આત્મા શૂન્ય લાગે છે. અનિત્યપણે ચિન્તન કરનારને અનિત્ય લાગે છે. નિત્યપણે ચિન્તન કરનારને નિત્ય લાગે છે.

૧૦ ચેતનની ઉત્પત્તિના કંઇપણ સંયોગો દેખાતા નથી તેથી ચેતન અનુત્પન્ન છે. તે ચેતન વિનાશ પામવાનો કંઇ અનુભવ થતો નથી માટે અવિનાશી છે. નિત્ય અનુભવસ્વરૂપ હોવાથી નિત્ય છે.

૧૧ સમયે સમયે પરિણામાન્તર પામવાથી ચેતન અનિત્ય છે.

૧૨ સ્વ-સ્વરૂપનો ત્યાગ કરવાને અયોગ્ય હોવાથી મૂળ દ્રવ્ય છે.

૧૩ સર્વ કરતાં વીતરાગનાં વચનને સંપૂર્ણ પ્રતીતિનું સ્થાન કહેવું ઘટે છે, કેમકે જ્યાં રાગાદિક દોષનો સંપૂર્ણ ક્ષય હોય ત્યાં જ સંપૂર્ણ જ્ઞાન-સ્વભાવ પ્રગટે છે.

૧૪ શ્રી જિનને સર્વ કરતાં ઉત્કૃષ્ટ વીતરાગતા સંભવે છે.

૧૫ સર્વ દર્શનની શિક્ષા કરતાં શ્રીજિનની કહેલી બંધ-મોક્ષના સ્વરૂપની શિક્ષા જેટલી અવિકળ-અબાધિત ભાસે છે તેટલી બીજાં દર્શનની પ્રતિભાસતી નથી, અને જે અવિકળ-અબાધિત શિક્ષા છે તે જ પ્રમાણસિદ્ધ છે.

૧૬ અન્ય સર્વ દર્શનમાં માનવા માત્રથી અવિકળતા ન કરે. જેનું પ્રમાણવડે અવિકળપણું હોય તે જ અવિકળ કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૭ સિદ્ધ આત્મા લોકાલોકપ્રકાશક છે પણ લોકાલોકવ્યાપક નથી. વ્યાપક તો સ્વશરીરની અવગાહના પ્રમાણ છે. જે મનુષ્યદેહે સિદ્ધિ પામ્યા તે શરીરના ત્રીજા ભાગે ઊણ તેના આત્મપ્રદેશનો ઘન થાય છે એટલે આત્મદ્રવ્ય લોકાલોકવ્યાપક નથી પણ લોકાલોકપ્રકાશક એટલે લોકાલોકજ્ઞાયક છે. લોકાલોકપ્રત્યે આત્મા જતો નથી અને લોકાલોક કંઇ આત્મામાં આવતાં નથી. સર્વે પોતપોતાની અવગાહનામાં સ્વસત્તામાં રહ્યાં છે. તેમ છતાં આત્માને તેનું જ્ઞાન-દર્શન થાય છે.

૧૮ આત્માનો અગુરુલઘુ ધર્મ છે. તે ધર્મને દેખતાં આત્મા સર્વ પદાર્થને જાણે છે, કેમકે સર્વ દ્રવ્યમાં અગુરુલઘુ ગુણ સમાન છે એમ કહેવામાં આવે છે.

૧૯ વર્તમાન કાળની પેઠે આ જગત સર્વ કાળ છે. પૂર્વકાળે ન હોય તો વર્તમાનકાળે તેનું હોવાપણું હોય નહીં. વર્તમાન કાળે છે તો ભવિષ્ય કાળમાં તે અત્યંત વિનાશ પામે નહીં. પદાર્થ માત્ર પરિણામી હોવાથી આ જગત્ પર્યાયાંતર દેખાય છે, પણ મૂળપણે તેનું સદા વર્તમાનપણું ( વિદ્યમાનપણું ) છે. ઇતિશમ્

# સુજ્ઞ તત્ત્વજિજ્ઞાસુ ભાઇબ્હેનોને લક્ષમાં લેવા યોગ્ય કંઇક સાર-તત્ત્વ

૧ **નિશ્ચય ધ્યાન**-ધ્યાનમાં એકાગ્રવૃત્તિ રાખીને ઉત્તમ સાધક નિઃસ્પૃહ વૃત્તિવાન એટલે સર્વ પ્રકારની ઇચ્છાથી રહિત થાય તેને પરમ પુરુષો નિશ્ચય ધ્યાન કહે છે.

૨ **ભગવદ્ ગીતામાં** અનેક સ્થાને **પૂર્વાપર વિરોધ** છે તે **સૂક્ષ્મ અવલોકનથી** જણાઇ આવશે.

૩ પૂર્વાપર અવિરોધ-**વિરોધ વગરનું એવું દર્શન, એવાં વચન** તે **વીતરાગનાં** જ છે.

૪ **ષડ્દર્શનસમુચ્ચયની પ્રસ્તાવનામાં** મણિભાઇ નથુભાઇએ લખી દીધું છે કે **હરિભદ્રસૂરિને** વેદાન્તની ખબર ન હતી. વેદાન્તની ખબર હત તો એવી કુશાગ્ર બુદ્ધિવાળા હરિભદ્રસૂરિ જૈન તરફથી પોતાનું વલણ ફેરવી વેદાન્તમાં ભળત. ગાઢ મતાભિનિવેશથી મણિભાઇનું આ વચન નીકળ્યું છે. હરિભદ્રસૂરિને વેદાન્તની ખબર હતી કે નહીં એ મણિભાઇએ હરિભદ્રસૂરિનો **ધર્મ સંગ્રહણી** ગ્રંથ જોયો હોત તો ખબર પડત. હરિભદ્રસૂરિને વેદાન્તાદિ બધાં દર્શનોની ( પાકી ) ખબર હતી. તે બધાં દર્શનોના પર્યાલોચનપૂર્વક તેમણે જૈનદર્શનને પૂર્વાપર અવિરોધી પ્રતીત કર્યું હતું એ સૂક્ષ્મ અવલોકનથી જણાશે. ષડ્દર્શનસમુચ્ચયના ભાષાન્તરમાં દોષ છતાં તે ભાષાન્તર ઠીક કર્યું છે, તે **સુકુશળ જાણકારવડે સુધારી શકાય તેમ છે.**

૫ વર્તમાન કાળમાં **ક્ષયરોગ** વિશેષ વૃદ્ધિ પામ્યો છે અને પામતો જાય છે એનું મુખ્ય કારણ બ્રહ્મચર્ય-પાલનની ખામી, આળસ-નિરુદ્યમતા અને વિષયાદિકની આસક્તિ છે. **ક્ષયરોગ-નિવારણનો મુખ્ય ઉપાય બ્રહ્મચર્ય સેવન, શુદ્ધ સાત્ત્વિક આહાર-પાન** અને **નિયમિત વર્તન** છે. ( તેવા રોગીને ઉક્ત સૂચના કરવી જરૂરની છે ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ યથાર્થ જ્ઞાન-દશા, સમ્યકત્વ-દશા અને ઉપશમ-દશા ( ત્યાગ-વૈરાગ્ય-કષાયજય ) તે તો જે ખરા મુમુક્ષુ જીવ સત્પુરુષના સમાગમમાં આવે તે જાણી-જાણી શકે.

૭ જેમના ઉપદેશે તેવી ઉત્તમ દશાના અંશો પ્રગટે તેમની પોતાની દશામાં તે તે ગુણો કેવા ઉત્કૃષ્ટપણે રહેલા હોવા જોઇએ તે વિચારવું સુગમ છે. અને એકાન્ત નયાત્મક અસંગત-કપોલકલ્પિત-મિથ્યા આગ્રહભર્યો જેમનો ઉપદેશ હોય તેનામાં તેવી એક પણ દશા પ્રાપ્ત થવી સંભવિત નથી. સત્પુરુષ-જ્ઞાની મહાશયની વાણી સર્વ નયાત્મક વર્તે છે.

૮ તથારૂપ પ્રત્યક્ષ સદ્દગુરુયોગે અથવા કોઇ પૂર્વના દૃઢ આરાધનથી જિનાજ્ઞા યથાર્થ સમજાય, યથાર્થ પ્રતીત થાય અને યથાર્થ આરાધાય તો **મોક્ષ** પ્રાપ્ત થાય એમાં સંદેહ નથી.

૯ જ્ઞાન-પ્રજ્ઞાએ સર્વ વસ્તુ જાણીને પ્રત્યાખ્યાન-પ્રજ્ઞાએ પચ્ચખ્ખે તેમને પંડિત કહ્યા છે તે યથાર્થ છે. જે જ્ઞાને કરીને પરભાવ પ્રત્યેનો મોહ ઉપશમ અથવા ક્ષય ન થયો તે જ્ઞાન અજ્ઞાન કહેવા યોગ્ય છે. અર્થાત્ જ્ઞાનનું લક્ષણ પરભાવ પ્રત્યે ઉદાસીન થવું તે છે.

૧૦ **ઉચિત ક્રિયાનો અનાદર કરીને એકાન્ત જ્ઞાનને મોક્ષસાધક માને** તેને મિથ્યાત્વી કહ્યા છે, તેમ **સમ્યગ્જ્ઞાનનો અનાદર કરી એકાંત ક્રિયાને મોક્ષસાધક માને** તેને પણ મિથ્યાત્વી કહ્યા છે.

૧૧ **જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ** એ ચાર કારણ મોક્ષનાં કહ્યાં છે તે સંયુક્તપણે, અવિરોધપણે પ્રાપ્ત થયે, સર્વ કિલષ્ટ કર્મનો સર્વથા અંત કરી મોક્ષદાયક બને છે.

૧૨ **ભાવ-અધ્યાત્મની શૈલી**—વસ્તુતત્ત્વ યથાર્થ સમજાયે પરભાવથી આત્યન્તિક નિવૃત્તિ કરવી તે ખરો અધ્યાત્મ માર્ગ છે. જેટલી જેટલી પરભાવથી નિવૃત્તિ થવા પામે તેટલા તેટલા ખરા અધ્યાત્મ-માર્ગના સત્ય અંશ છે.

૧૩ 'પુદ્ગલસેં રાતો રહે'-પુદ્ગલ ( પરભાવ ) માં રક્તપણું ( આસક્તિ ) તે મિથ્યાત્વ ભાવ છે. અંતરાત્મપણે પરમાત્મ સ્વરૂપ ધ્યાવે-વીતરાગ ભાવ ભજે તો તે આત્મા પરમાત્મા થાય. **ઇતિશમ્.**

**સ. ક. વિ.**

## પાણઆહારનો ખુલાસો

ચાર આહારની વ્યાખ્યામાં **પાણ** આહારમાં પીવા યોગ્ય પ્રવાહી વસ્તુ પાણી, દૂધ, છાશ યાવત્ મદિરા સુધાં કહેલ છે, પરંતુ દિવસના એકાસણા વિગેરેના પ્રત્યાખ્યાનમાં એક સણું કર્યા પછી, તિવિહાર ઉપવાસમાં અને રાત્રિના તિવિહારના પચ્ચખ્ખાણમાં જે પાણાહારની છૂટ છે તેમાં શુદ્ધ અચિત્ત કે સચિત્ત જળ જ સમજવું. તેમાં બીજા પ્રવાહી પદાર્થની છૂટ સમજવી નહીં. તેમાં પાણી સિવાય બીજી કોઇ પણ પ્રવાહી વસ્તુ વાપરે તો પ્રત્યાખ્યાન ભાંગે એમ સમજવું.

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક–પુરૂષો

## અંતિમ રાજર્ષિ

( ૭ )

मज्जं विसय कसाया,
निद्दा विगहा य पञ्चमी भणिया।
एए पञ्च पमाया,
जीवं पाडंति संसारे ॥ १ ॥
आर्यदेशकुलरूपबलायु–
र्बुद्धिवन्धुरमवाप्य नरत्वम्।
धर्म-कर्म न करोति जडो यः,
पोतमुज्झति पयोधिगतः सः ॥ २ ॥

"હે ભવ્ય જીવો! પ્રાતઃકાળથી આરંભી નિશાકાળની છેલ્લી ઘટિકા યાને નિદ્રાના સાંગમાં ચક્ષુ મીંચતાં પર્યંતના કલાકોમાં વધુ નહિં તો બે પાંચ ક્ષણનો વિરામ પ્રાપ્ત કરી, એકાદ વાર પણ તમો એ વિચાર કર્યો છે કે–' સંસારમાં જીવો એ કારણે અમર્યાદિત કાળ સુધી પરિભ્રમણ કરી રહ્યાં છે? અથવા તો સંસારમાં આ જાતની રૂલામણી કરાવનાર કઈ વસ્તુઓ છે?'

'શું એ વાત મહત્ત્વની અને વિચારણીય નથી? મહાનુભાવો! સમજી રાખો કે, સંસારમાં લાંબા સમય પર્યંત જીવોને દબાવી રાખનારા જો કોઈ પણ વસ્તુઓ હોય તો તે નિમ્ન પ્રકારના પંચ આંતરિક શત્રુરૂપી હત્યારાઓ છે.

'મદ–વિષય–કષાય–નિદ્રા અને વિકથા એ એના નામો છે. પ્રાપ્ત થયેલ વસ્તુની સુંદરતા કે ઉત્કૃષ્ટતા વિચારી અહંકારી બનવું–ગર્વથી ફુલાઇ જવું એનું નામ મદ. તેના ગોત્ર (કુળ), જાતિ, રૂપ, બળ, તપ, ઋદ્ધિ, વિદ્યા અને ઐશ્વર્ય–આ આઠ મુખ્ય પ્રકાર છે. કુળનો મદ કરનાર એક સમયનો મરિચી કેવી વિટંબનાનો ભાજન થયો? એનો પ્રત્યક્ષ અનુભવો હું પોતે તમારી સામે જ છું. ઋદ્ધિનો મદ કરનાર એક વખતના રાજવી દશાર્ણભદ્ર જુઓ પેલા બેઠા. મદના માઠા વિપાક સારુ આ કરતાં વધુ ઉદાહરણની આવશ્યકતા છે ખરી?

'વિષય તો વિષ કરતાં પણ ભૂંડા અને 'ક્ષય' કરતાં પણ અતિ ભયંકર. એક જ વેળા પ્રાણનો અંત વિષભક્ષણથી આવે, પ્રયોગદ્વારા એમાંથી પણ જીવડો બચી જાય; પણ નાગપાસમાં બરાબર ફસાવી મારી, મીઠી છુરીની ગરજ સારનારા આ પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષયો તો એક બે ભવ નહિં પણ સંખ્યાબંધ ભવો પર્યંત આત્મા સાથે ચોંટી રહી વારંવાર એને પંચત્વ પમાડી રહ્યાં છે! અધોગતિનું ભાજન બનાવી રહ્યાં છે!

'ક્ષયનું દરદ જીવલેણ ગણાય, પણ એક જ ભવ માટેનું; પરંતુ વિષયમાં સેવાયેલ આત્મા ભવોના ભવો સુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એની મધલાળમાંથી છૂટવા નથી પામતો. હોંશે હોંશે મુગ્ધ બની પોતાના હાથે જ પોતાના બંધન વધુ મજબૂત કરે છે, તો પછી ક્ષય જેવા મહારોગથી એ વધુ દારૂણ ગણાય જ.

'ચાર કષાય એ તો ખરેખર સંસાર-રૂપ વિશાળ મકાનના અતિ મજબૂત પાયા સમાન છે. સારીયે સંસારી મહેલાત એના પર જ નિર્ભર છે. એ જ્યાં હાલ્યા ત્યાં આને કકડભૂસ થતાં જરા પણ વિલંબ ન સમજવો. એના નામોથી ભાગ્યેજ કોઇ અજ્ઞાત હશે. ક્રોધ–માન–માયા અને લોભ. એ સંભારતાં અને એ ચંડાળચોકડીના દારૂણ કર્તુકો યાદ કરતાં ભલભલાના હૃદયો કંપી જાય તેમ છે. મોહરાજાના એ ત્રણ પૌત્રોએ અને માયા પૌત્રીએ સારાયે વિશ્વમાં એવી તો ભીષણતા–ભયંકરતા અને ભયાતુરતા વિસ્તારી મેલી છે કે એનાથી ગમે તેવા મહારથીઓ પણ ધ્રુજી ઊઠે છે! અરે ! મૂછ પર લીંબુ ઠેરવનારા અને સમરાંગણમાં વારંવાર વિજયશ્રી વરનારા પ્રવર મહારથીઓ કે પ્રબળ સુભટો પણ એના મીઠા પાશમાં ફસાઇ જાય છે કે જેથી એનો તાગ પણ શોધ્યો જડે તેમ નથી. માયા ડાકિનીને તો ખરેખર કોઈ વિચિત્ર સ્વભાવની વ્યંતરી જ સમજી લ્યો. તે જોતજોતામાં એવી તો અદૃશ્ય રીતે આત્મામાં પ્રવેશી જઇ, અડ્ડો જમાવી દે છે કે એનાથી સંસારી આત્માઓનું તો શું કહેવું પણ સમર્થ મહાત્માઓ અને કેવળ નિઃસ્વાર્થ જીવન જીવનારા સંતો પણ એની કારમી અસરથી મુક્ત નથી હોતા. અરે! દ્રવ્ય કે વિલાસના સાધનોમાં તો એ કુટ્ટિની ભલે નાચ નચાવી રહી હોય પણ આત્મકલ્યાણના હેતુભૂત ધર્મકરણી કે તપઆચરણમાં જ્યારે એના દર્શન થાય છે ત્યારે તો એના બહુરૂપીપણા પર તિરસ્કાર છૂટે છે.

પાંચ પ્રકારની નિદ્રા અને ચાર પ્રકારની વિકથા જો કે આગળના ત્રણ જેટલી દારૂણ ન ગણાય, એમ છતાં એના સાથી તરિકેના ગૌરવને શોભાવે તેવી તો ખરી જ. જો ચેતતા ન રહ્યા તો તે પીઠ પાછળ ઘા કરતાં રંચ માત્ર વિલંબ ન કરે. આત્માને બેભાન જેવી હાલતમાં રાખી એ પોતાનું કામ કાઢી લ્યે. નિદ્રા ને વિકથા રૂપ પ્રમાદ બેલડીમાં તો હરકોઈ આત્મા ઓછાવત્તા અંશે ફસાયેલો જ છે. એમાંથી બચવા સારુ સતત જાગૃત રહેવાની જરૂર છે. એનો સદુપયોગ કરી લેવાનું દૃષ્ટિબિન્દુ એક વાર નિશ્ચિત કરી લેવાય તો પછી એ યુગલની ધાસ્તી રાખવાનું કારણ નથી.

'હે ભવ્ય જીવો ! આ પાંચ પ્રકારના પ્રમાદ સંસારમાં દરેક જીવોને પાડનાર છે એમ યથાર્થપણે સમજી લ્યો. એમાંથી બચવાના સાધનોનો સધિયારો છે. તમને આર્ય દેશ, ઉત્તમ કુળ, સદ્ સુંદરતા, યોગ્ય શક્તિ, દીર્ઘ આયુષ્ય, સારાસાર સમજવાની બુદ્ધિ, સદ્ બન્ધુવર્ગ અને મનુષ્યપણું પ્રાપ્ત થયે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો એનો પૂર્ણ લાભ ઉઠાવી લ્યો. ઉપરોક્ત સામગ્રીનો સંયોગ ધર્મકરણીમાં અનુકૂળતા અર્પે છે. અનાર્ય દેશોમાં કે હલકા કુળોમાં **ધર્મ** એ કઇ ચીડીયાનું નામ છે? એ પણ જીવો જાણતા નથી. અંગોની હીનતા કે અશક્ત દેહ ને અલ્પ આયુષ્યવાળા જીવો ધર્મ પામ્યા છતાં પણ આચરી શકતા નથી. બુદ્ધિનો દુરુપયોગ કરીને કે ભ્રાતૃગણમાં ક્લેશની હુતાશન પ્રગટાવીને સારુંયે જીવન વિણશાડી નાંખનારા કયાં આપણી નજર બહાર છે? તિર્યંચો ધારે તો પણ ધર્મકૃત્ય તેમનાથી દોઢસો ગાઉ દૂર છે! કેવળ માનવ જિંદગીને જ એ અનુકૂળતા વરી છે. એમાં જ્યારે ઉપરોક્ત સાધનોની વિપુળતા હોય તો પછી કયો આત્મા અભાગી હોય કે જે ધર્મ ન સેવે? એવો યોગ મળ્યા છતાં પ્રમાદ કરનારની દશા કિનારે સુંદર વહાણ મોજુદ છતાં સાગર પાર કરવા સારુ સમુદ્રમાં ભુસકો મારવા જેવી મૂર્ખાઇ કરવા બરાબર છે. ભુસકો મારી સાગર જેમ ન તરાય તેમ ઉપરની અનુકૂળતાઓનો લાભ ન લેવાય તો આ જીવન નિષ્ફળ જ જાય. એવું અવળું કાર્ય શુભ આત્મા તો ન જ કરે. એમ થાય તો પછી ચેતન અને જડ વચ્ચે ફેર શો?

"તેથી જ મહાનુભાવો! 'સાંભળ્યાનું ફળ વિરતિ યાને યથાશક્તિ ગુણ ગ્રહણ કરી દોષને ત્યજવામાં છે' એ વાત અંતર અવધારી લઇ મનુષ્ય જન્મને સફળ કરવા ઉજમાળ થશો."

સાકરથી પણ અતિ મીઠી વાણી શ્રવણ કરીને પર્ષદામાંથી સંખ્યાબંધ માનવીઓ ઊભા થયા. ચરમ તીર્થપતિ શ્રી મહાવીર દેવ સમક્ષ જાતજાતના વ્રત–પચ્ચખ્ખાણ ગ્રહણ કરાયા. કેટલાકે તો સંસારને સદાને માટે લાત મારી, સંયમરૂપી કલ્પવૃક્ષની શીળી છાયામાં વસવાનો નિરધાર જણાવ્યો. સંયોગ પર નજર રાખી, કોઇ કોઇને તરતજ પવિત્ર દીક્ષાના દાન કરાયા, જ્યારે બાકીના સારુ પંચમુષ્ટિ લોચ કરતાં પૂર્વે–ભાગવતી દીક્ષા આપતાં પૂર્વે–માતા–પિતા યાને વડિલની સંમતિ માટેની ખાસ આવશ્યકતા વિચારવામાં આવી.

તરતજ નરેશ ઉદાયને ઊભા થઇ, હસ્તદ્વય જોડી નમ્ર સ્વરે પ્રભુશ્રીને ત્યાગજીવનરૂપી સુંદર ને મનોરમ વાટિકામાં પ્રવેશવાનો સ્વ મનોરથ જણાવ્યો અને પોતે રાજકાર્યનો ભાર અન્ય શિરે સોંપી એ સંબંધી સર્વ તૈયારી કરી લેય ત્યાંસુધી વીતભયપટ્ટણના એ ઉદ્યાનમાં સ્થિરતા કરવાની વિનંતિ કરી. શ્રી મહાવીર દેવનો તો એ જ જવાબ હતો કે 'એક સમય માત્ર પણ પ્રમાદ ન કરશો.'

રાજવીની ચિરકાળ સંચિત આશા નવપલ્લવિત થવાનો સુયોગ કમાડ ઠોકવા લાગ્યો. એના હર્ષનો પાર ન રહ્યો! ભાણેજને પોતાની ગાદી પર સ્થાપન કરી સત્વર પોતે રાજકાજના ભારથી મુક્ત બની પ્રભુહસ્તે દીક્ષિત થયા.

For Private And Personal Use Only

" મંત્રીશ્વર અભય ! આ ઉદયન તે હું પોતે આજે ત્હારી સમક્ષ મારું જીવન વર્ણવી રહ્યો છું. હવે માત્ર એક જ પ્રસંગ ! સંસારનો સંબંધ કેવો છે એ પર એક જ સર્ચલાઇટ ફેંકવારૂપ પ્રયાસ ! !

" હકદાર પુત્રને રાજ્ય ન સોંપતા બ્હેનના પુત્રને રાજ્ય આપ્યું ને હું ચાલી નીકળ્યો. કર્મ તોડવા સારુ જાતજાતના તપ આરંભ્યા. એકદા પારણાર્થે હું એ જ વીતભયપટ્ટણની ભાગોળે આવી ચઢ્યો ! અહા ! માનવની કેવી લોલુપતા ! એ જ ભાણેજે રાજ્ય પાછું માંગવાની કુશંકાએ મને આહારમાં વિષ દીધું ! સગાઇ ને ઉપકારનો એ રીતે બદલો વાળ્યો ! ! એ તો મારા સુભાગ્યે અચાનક દેવસાનિધ્ય મળી ગયું અને વિષની કારમી અસરથી હું બચી ગયો, નહિં તો આરંભ્યા અધવચ જ રહેત ! પ્રભુ શ્રી મહાવીર દેવના વચનો– ' સૌ સ્વાર્થના સગા છે. કોઇ કોઇને સાચું પ્રિય નથી. સંસાર અસાર છે. સંસારી સમાગમ તો પંખીના મેળા કે મુસાફરના સાથ સમો છે.' તે ત્યારથી મારી છાતીમાં પથ્થરના શિલાલેખ સમ કોતરાઇ ગયા છે. એ જ દીપિકાની રોશનીથી આજે હું મારા જીવનને ઉજવાળી રહ્યો છું. "

અભયકુમાર બોલ્યો–' મહાત્મા ! મારા જેવા ઉપાધિમાં રચ્યાપચ્યા રહેનાર જીવને આપની આ જીવનકહાણી માર્ગદર્શ ભોમિયાની ગરજ સારશે. આપ જીવનમાંથી જ મારા જીવનસૂત્રની ગું વાયેલી આંટી સુતરાં ઉકલી જાય છે પિતાશ્રી બિંબિસાર સમક્ષ જ્યાં પ્રવ્રજ્યાન વાત રજૂ કરું છું ત્યાં એક જ અ ધરવામાં આવે છે કે—' પહેલાં મને સંયમ સ્વીકારવા દે, પછી ત્હારી વા અગર હું અને તું સાથે જ શ્રી વીર શિષ્યો બનશું.' રાજર્ષિ ! મને પિતાશ્રીન સંસારાસક્તિ જોતાં એમાં તથ્ય ન દેખાતું; પણ વડીલના વચનમાં શંકા કે કરાય ? આજ્ઞાપ્રાપ્તિ વિના ધાર્યું કે થાય ? પણ આપની કથનીએ હૃદયના દ્વા ઉઘાડી નાંખ્યા છે. પ્રભુ શ્રી વર્ધમાન સ્વામીએ આપને અંતીમ રાજર્ષિ ક છે એટલે હવે આ ભવમાં શ્રેણિક ભ ઋષિ બને એ અસંભવિત છે. અંકો જોડતાં સત્ય દેખાઇ ચૂકયું છે. એ પ્ર પિતાશ્રીનું ઉચિત ધ્યાન ખેંચવા ફરજ બજાવ્યા વિના હવે બીજો આ પણ નથી.'

આ પ્રમાણે કહી વંદના કરી મંત્રીશ્વ અભય સિધાવી ગયા. રાજર્ષિ ઉદય કૈવલ્ય પામી સિદ્ધશિલાવાસી બન્ય ત્રીજા ગુચ્છકનું રાજવી મનુષ્યનું એ ચો પુષ્પ પૂર્ણતાને પામ્યું.

ચોકસી

---

નોટ–ઉદયન રાજર્ષિનું અવસાન તેમના ભાણેજ કેશી રાજાના વિષપ્રયોગથી જ થયું છે તેણે ત્રણ ચાર વાર દહીં સાથે વિષ આપ્યું. દેવ થયેલ પ્રભાવતીએ એ ત્રણ વાર હરી લીધું. એ વાર પ્રમાદથી વિષ ન હરતાં તે વિષવાળું દહીં લેવાતાં પ્રાણ ગયા તેથી ક્રોધ પામી પ્રભાવતી દેવ થયેલ કે તેણે ધૂળવડે આખી વીતભય નગરી દાટી દીધી. જુઓ ! ક્રોધનું પરિણામ ! ત

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આરોગ્ય વિષે થોડી સૂચના

શારીરિક સર્વ શાન્તિની જનેતા એક માત્ર નિદ્રા છે. ઘસઘસાટ આવેલી નિદ્રા ઘણા સમયના થાકને હરી લઈ, શરીરને હલકું ફૂલ જેવું બનાવી દે છે, તેથી પૂર્ણ નિદ્રા લેવી એ આરોગ્ય માટે જરૂરી છે. આનો અર્થ કોઈ એમ ન કરે કે આળસુની માફક પથારીમાં પડ્યા રહેવું અથવા દિવસ રાત સૂઇ રહેવું. એમ હોય જ નહીં, પરંતુ કહેવાની મતલબ એ છે કે તેના સમયે-રાત્રિના સમયે નિરાબાધપણે-સ્વપ્નાદિ દોષ રહિત-અસ્ખલિતપણે આવેલી નિદ્રા ખૂબ જ શાન્તિપ્રદ હોય છે અને એવી નિદ્રાની તો મનુષ્ય માત્રને જરૂર હોય છે; માટે ઘસઘસાટ ઊંઘ આવે તેમ કરજો. જો ઊંઘ અપૂર્ણ થઇ હશે, તો તેની અસર મળને કબજીયાત કરવામાં, માથું દુઃખવામાં, શરીર ભાંગવામાં, સુસ્તી રહેવામાં થશે. આ સર્વ થાય ત્યારે સો કામ પડતા મેલીને પણ શાન્તિ મેળવવા માટે નિદ્રાદેવીને ખોળે જજો.

ખરી નિદ્રાને પલંગ કે ગાદલા-રજાઈની જરૂર નથી હોતી. તે તો ગમે તે સ્થાનમાં પણ તેના ઇચ્છકને નિદ્રસ્થ કરી દે છે. શરીરના સર્વ ધર્મો ત્યારે સુષુપ્ત અવસ્થામાં પરિણમે છે અને એ રીતે અપૂર્વ તાજગી પછી મનુષ્ય નવા કામ માટે તૈયાર થઇ શકે છે.

જેને નિદ્રા સાથે અવજોગ-વૈર હોય અર્થાત્ જેને નિદ્રાદેવી સુસાધ્ય ન હોય, નિદ્રા જેનાથી રીસાણી હોય તેની તંદુરસ્તી માનજો કે જોખમમાં છે.

ખાસ કરીને ચિંતાતુરને નિદ્રા સુસાધ્ય નથી હોતી અને નિદ્રાદેવી વશિભૂત થયા વિના શરીરરૂપ ઘડીયાળના સર્વ ચક્રો અનિયમિત રીતે-ઉલટ સુલટ ગતિ કરે છે; તેથી આરોગ્યચાહકે ચિંતાને ભાવિ ઉપર છોડી દઇ શાંતિની પ્રાપ્તિ અર્થે નિદ્રાને ભજવી જોઇએ.

* * *

જો ઉત્તમ પ્રકારે આરોગ્ય જાળવવું હોય તો કદી પણ ક્રોધ નહીં કરવાનો નિશ્ચય કરવો પડશે. ઘણાને નવાઇ લાગશે કે ભલા, તન્દુરસ્તીને અને ક્રોધને શું સંબંધ છે? સમાધાન આ રહ્યું.

પ્રિય ભાઇ! નીચેના પ્રશ્નના જવાબ આપશો?

ક્રોધ વખતે મુખ લાલચોળ થઇ જાય છે?

ક્રોધ વખતે નેત્રો રક્તવર્ણા થાય છે?

ક્રોધ વખતે શરીર કંપવા માંડે છે?

ક્રોધ વખતે મરવા-મારવાની વૃત્તિ થાય છે?

ઉપરના પ્રશ્નોના જવાબ હકારવાચક હોય તો જાણજો કે શરીરને કલાકો સુધી બેચેન બનાવનાર-નિષ્ક્રિય કરનાર-શિથિલ બનાવનાર એ સર્વ બાબતો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉગ્ર ક્રોધ કરીને એક માતા તુરતજ પોતાના બાળકને ધવરાવવા બેઠી અને થોડી જ વારમાં એ નાજુક બચ્ચું મૃત્યુ પામ્યું. આ વાત તમે જાણો છો ? એ એક બનેલી બીના છે. અને એમ થવામાં મુખ્ય કારણ માતાનો ઉગ્ર ક્રોધ છે, કારણ કે ક્રોધથી સમગ્ર શરીરમાં તીવ્ર ઝેર વ્યાપી જાય છે. એવા વિષમય દૂધનું પાન કરનાર નાજુક બાળક કહો, કઇ રીતે જીવી શકે ?

ક્રોધના અનેક કડવાં ફળ તો હોય જ છે પણ અત્ર આપણે તેની સાથે આરોગ્ય પૂરતો સંબંધ જોવા માગીએ છીએ. મતલબ કે—તન્દુરસ્તીને ખૂબ જ હાનિકર્તા એવા ક્રોધને ઘટમંદિરમાં કદી પણ પ્રવેશ કરવા ન દેવા માટે સાવચેતી રાખવી ખાસ જરૂરી છે. ચોરોને ન પેસવા દેવા માટે ચોકીદારો રાખનાર આ મહાચોરને અટકાવવા કશું પણ નથી કરતાં એ કેવું આશ્ચર્યજનક છે ? અલબત્ત આ કાર્ય મુશ્કેલ તો છે જ તો પણ તે માટે મક્કમ લક્ષ હોય—આંતરચોકી હોય તો કાળાંતરે પણ ફેર અવશ્ય પડી શકે છે, તેથી ઉત્તમ આરોગ્યઇચ્છિકે શાન્તિને સર્વદા સેવવી. ( એમ કરવાથી તેનો પ્રતિપક્ષી ક્રોધ વિદાય લઇ જ લેશે—એક સ્થાને એ બન્નેનું અસ્તિત્વ અસંભવિત છે. )

* * *

ડાબે પડખે સૂવાનો નિશ્ચય કરો. જો કે શરૂઆતમાં એથી કંટાળો જરૂર આવશે, પરંતુ રોજના અભ્યાસે તે અસાધ્ય નથી; પછી તો જમણે પાસે કે સીધા સૂવાનું મન જ નહીં થાય. ડાબે પડખે સૂવું એ તન્દુરસ્તી માટે જરૂરી છે.

* * *

ખૂબ ખૂબ ચાવીને ખાવાનો નિશ્ચય કરો, એમ કરવામાં પણ શરૂઆતમાં કંટાળો આવશે, પરંતુ તેના ફાયદા આગળ એ કંટાળો કાંઇ બીસાતમાં નથી. દાંતનું કામ હોજરી પાસે કરાવવાથી જઠર થાકી જાય-પાછું પડી જાય—મંદગતિવાળું બને એમાં શું નવાઇ છે ? તેથી ખૂબ ચાવીને ખાવું અને એમ કરીને જઠરનું કામ સરળ કરવું એ આરોગ્ય માટે પ્રથમ પદે આવે તેવી આવશ્યક બાબત છે.

* * *

શરીરને તન્દુરસ્ત રાખવું હોય, બળવાન બનવું હોય, કાન્તિ-તેજ મેળવવા ભાવના હોય, ગરુડ જેવી તિક્ષ્ણ દૃષ્ટિ વધારવી હોય, એવા એવા અનેક ફાયદા મેળવવા હોય તો મનુષ્યે સર્વદા તૈલ મર્દન કરવું જોઇએ. પ્રાચીન ઋષિ મુનિઓ-આયુર્વેદાચાર્યો વિગેરેએ તે વિષયમાં ખૂબ લખ્યું છે-તૈલ મર્દનના અનેક ફાયદાઓ બતાવ્યા છે. જેમ જેમ એ બાબતમાં વધતા જશો તેમ તેમ ફાયદો વધતો જશે. કહ્યું છે કે—**मर्दनं गुणवर्धनम्.**

એ સૂત્ર અનુભવીઓનું કહેલું છે. વળી તૈલાભ્યંગ માટે આગળ વધીને એટલે સુધી કહેવાયું છે કે—

**घृतात् श्रेष्ठतमं तैलं, मर्दने न च भोजने ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્—ભોજનમાં નહીં, પરંતુ મર્દનમાં તો ઘીના કરતાં પણ ગુણમાં તેલ વધી જાય છે. આટલું જાણ્યા પછી જો તમે સ્વતંત્ર સગવડવાળા હો અને ખચિત જ લાભાકાંક્ષી હો તો તેલ મર્દન ચાલુ કરી તેના અનેક લાભ ઉઠાવો.

ઉષ્ણ ઋતુમાં શાન્તિ અર્થે લોકો કોલ્ડ્રીંક હાઉસમાં જઇ, ઠંડી સોડા–લેમન–ગુલાબ–સરબત–જીંજર–રાસબરી–આઇસક્રીમ–આઇસવોટર વિગેરે ઠંડા પીણાઓ પીએ છે; પણ એ કૃત્રિમ ઠંડી વસ્તુઓ જઠરને કેટલું ઠંડું બનાવે છે તેનો વિચાર કેટલા મનુષ્યો કરતા હશે ? ખરી રીતે તો જઠરને પ્રદિપ્ત કરવાની જરૂર હોય છે તેને બદલે તેથી વિપરીત ક્રિયા–જઠરને ઠંડુ બનાવવાની ક્રિયા પૈસા દઇને કરવામાં આવે છે એ કેટલું હાસ્યજનક છે ! આપણી એ જિહ્વાના રસિકપણાની સજા આખરે આપણે જ ભોગવવી પડે છે એ ન ભૂલવું જોઇએ. એવી વસ્તુઓથી જઠરને નુકશાન થવા ઉપરાંત દાંત અને પેઢાઓને પણ બહુજ ઉંડી ઇજા થાય છે. પરિણામે અકાળે દાંત પડવા માંડે છે. ( અતિશય પાન ચાવવાથી પણ દાંતને ખૂબ નુકશાન થાય છે, એ પાનરસિકોએ નોંધી રાખવું જોઇએ. )

સારાંશ કે આરોગ્યના ઇચ્છકે ઉપર દર્શાવેલા કૃત્રિમ ઠંડા પીણાઓનો ત્યાગ કરવો જોઇએ. તેને સ્થાને શાંતિદાતા અને અનેક ગુણોની ખાણ, મૃત્યુલોકનું અમૃત–છાશનું સેવન કરવું. તેના માટે કહ્યું છે કે—

**तक्रं शक्रस्य दुर्लभम् ।** છાશ તો ઇન્દ્રને દુર્લભ છે.

છાશથી શાંતિ મળવા ઉપરાંત તે જઠરને તેજ કરે છે. ગાયના દહીંની બનાવેલી, થોડું નિમક અને ધાણાજીરૂ નાખેલી ઠંડી છાશ પીવી એ મૃત્યુલોકનું અમૃત પીવા સમાન ઉત્તમ છે.

સવાર સાંજ માથા પર અને આંખો ઉપર ઠંડું પાણી રેડવાથી મગજને તાજગી રહે છે અને આંખોને ઠંડક રહે છે. સ્નાન વખતે મસ્તક પર ગરમ પાણી ન નખાય તેવી સાવચેતી રાખવી, કારણ કે મગજના સ્નાયુઓને તેથી નુકશાન થાય છે. ઠંડા જળવડે સ્નાન કરવાથી શરીરમાં સ્ફુર્તિ આવે છે.

આરોગ્ય વિષેની આ સૂચનાઓ જો વાંચકોને ઉપયોગી થશે તો લખ્યું સાર્થક થયું માનીશ. અસ્તુ.

**રાજપાળ મગનલાલ વ્હોરા.**

**નોટઃ**—આરોગ્યના વિષયને અહીં સ્થાન આપવાનો હેતુ એ છે કે —આરોગ્યવાળા મનુષ્ય જ ધર્મસાધન, તપ, જપ વિગેરે સારી રીતે કરી શકે છે અને તેનું ચિત્ત ધર્મક્રિયામાં સ્થિર રહે છે, માટે આ શરીરને ધર્માયતન સમજી તેના આરોગ્ય માટે સાવચેતી રાખવી.

—તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મનન કરવા લાયક વાક્યો

સવાલ—સૌથી મીઠી ચીજ કઈ ? ઉત્તર—ગરજ

સ. ફતેહ શામાં છે ? ઉ. પોતાને જીતવામાં

સ. સૌથી સારી સલાહ આપનાર કોણ ? ઉ. આપણો આત્મા

સ. કિંમતીમાં કિંમતી વસ્તુ કઈ ? ઉ. આબરૂ

સ. ભયંકર ભય કોનો ? ઉ. દુષ્ટ કર્મોનો

સ. કોની સાથે લડવું ? ઉ. પોતાની ખરાબ લાગણીઓ સાથે

સ. ભૂલ કોની કાઢવી ? ઉ. પોતાની

સ. શું કરવું ? ઉ. સારાં કામો કે જેથી આત્મહિત થાય

સ. શું વિચારવું ? ઉ. કેટલાં પાપ કર્યાં છે તે

સ. મોત કરતાં ભયંકર એવી કઈ વસ્તુ છે ? ઉ. દુષ્ટ કર્મો (અ. ક.)

## મુનિરાજ શ્રી ચરણવિજયજીનો સ્વર્ગવાસ

આ ચારિત્રપાત્ર, ગુરુભક્તિપરાયણ, શાસનસેવારસિક, જ્ઞાન–ધ્યાનમાં સદોદ્યમી મુનિરાજનો વડોદરાખાતે ભાદ્રપદ શુદિ ૧ રવિવારે સ્વર્ગવાસ થયો છે. એમની અંતસમયની ભક્તિ શ્રી વડોદરાના શ્રી સંઘે બહુ શ્રેષ્ઠ રીતે ઉત્સવપૂર્વક કરી છે.

એમનો જન્મ સં. ૧૯૬૧ માં થયો હતો અને દીક્ષા ભાવનગર ખાતે સં. ૧૯૭૭ માં પરમપૂજ્ય પ્રવર્તક મહારાજશ્રી કાંતિવિજયજીને હાથે થઈ હતી. આચાર્ય મહારાજશ્રી વિજયાનંદસૂરીશ્વરના પરિવારમાં એ એક કિંમતી રત્નતુલ્ય હતા, આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિના જમણા હાથ જેવા હતા. એઓશ્રી વિજયવલ્લભસૂરિના શિષ્યના શિષ્ય હતા, પરંતુ આચાર્યશ્રી સાથે જ વિચરતા હતા અને તેમના દરેક કાર્યમાં અવલંબનભૂત હતા. શ્રી ખંભાતખાતે વ્યાધિ ઉદ્ભવતાં વડોદરે લઈ જવામાં આવ્યા. ત્યાં અનેક સુજ્ઞ વૈદ્યો તેમજ ડોકટરોએ ભક્તિપૂર્વક સારવાર કરી, પરંતુ પરિણામે તે સારવાર સફળતાને પામી નહીં.

એ મુનિરાજ સરળ, શાંત, અનુભવી, દીર્ઘદષ્ટિવાળા અને શાસનને શોભાવે તેવા હતા, પરંતુ કાળની વિષમતાથી એવા ઉત્તમ મહાપુરુષનો અભાવ થયો છે. જૈન શાસનને પણ તેમની ખામી જણાય તેમ છે, પરંતુ ભવિતવ્યતા બળવાન હોવાથી જે બને તે સહન કર્યે જ છૂટકો છે.

આત્માનંદ જન્મ શતાબ્દિના મહોત્સવ પ્રસંગે વડોદરામાં પણ તેમણે વિશેષ ભાગ લીધો હતો તેમજ આત્માનંદ શતાબ્દિ અંકને વિશેષ ઉપયોગી બનાવવા માટે પણ પૂરતો પ્રયત્ન કર્યો હતો. અમે એમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કૃતઘ્ન

( જે પરના કરેલા ઉપકાર ભૂલે તે )

કૃતઘ્નીના ત્રણ ભેદ છે : ૧ **ગૃહકૃતઘ્ની, ૨ પરકૃતઘ્ની, ૩ ધર્મકૃતઘ્ની.** તેની વિસ્તારથી સમજણ નીચે પ્રમાણે :—

(૧) **ગૃહકૃતઘ્ની**—માતા-પિતાએ બાળક અવસ્થામાં ઘણી મહેનતથી ઉછેરીને મોટા કર્યા. શીયાળો, ઉનાળો, વર્ષાઋતુ વિગેરે કાળમાં અનેક પ્રકારે રક્ષણ કર્યું, યુવાન થયા પછી તે માતાપિતાનો ઉપકાર ભૂલી જવો, તેમના પ્રત્યે દ્વેષભાવ કરી જુદા થવું, તેમનો અવિનય કરવો, કડવાં વચન કહેવાં, તેમને દુઃખ દેવું, ઇર્ષ્યાભાવ રાખવો, વળી માતા-પિતા ન હોય અને અન્ય કુટુંબી જનોએ નાનપણમાં અનેક પ્રકારની ખાવા-પીવાની, સુવા-બેસવાની, જ્ઞાન આપવાની(ભણાવવાની), વસ્ત્રાભૂષણાદિની સગવડ કરી આપીને અનેક પ્રકારે રક્ષા કરી, એમ માન્યું હોય કે 'એ મોટા થયે અમારી સારસંભાળ લેશે, અમારી વૃદ્ધાવસ્થામાં ચાકરી કરશે, અમારું પાલન-પોષણ કરશે, આજ્ઞા માનશે, અમને વડીલ માની સેવા ઉઠાવશે, અમારા કરેલા ઉપકારને નહિ ભૂલે, છતાં જ્યારે યુવાન થઇ કમાણી કરવાની શક્તિ આવી ત્યારે જેમણે પાલણપોષણ કરેલ અને શક્તિ પ્રાપ્ત કરવામાં મદદ કરેલ તે કુટુંબીજનોને ભૂલી જાય અને તેમને દુઃખી કરવામાં પ્રવર્તે તે **ગૃહકૃતઘ્ની.**

(૨) **પરકૃતઘ્ની**—કોઇ પરાયા માણસે આપણને ભૂખ્યો દેખી અન્ન આપ્યું, નગ્ન દેખી વસ્ત્ર આપ્યાં, રોજગાર વિનાનો દેખી રોજી આપી, ધન વિનાનો જાણી ધન આપ્યું, રોગી દેખી દવા આપી નિરોગી કર્યો—એવી રીતે અનેક પ્રકારે મદદ કરી સુખી કર્યો. પછી શુભ કર્મના ઉદયથી પોતે શક્તિવાન થયો ત્યારે પોતાની ઉપર કરેલા ઉપકારને ભૂલી જઈ તેના જ પ્રત્યે દ્વેષ કરે—તેની સામો પડે—તેને હેરાન કરવાના પ્રયત્ન કરે તે **પરકૃતઘ્ની.**

(૩) **ધર્મકૃતઘ્ની**—મહાન અજ્ઞાની દેખી, પાપ કરતો જોઇ, પરભવમાં નરકે જશે એમ જાણી, કોઈ ધર્માત્મા દયાભાવથી આપણને અજ્ઞાનથી છોડાવીને જ્ઞાન આપે, પાપકર્મથી બચાવી ધર્મનો રસ્તો બતાવે, લોકનિંદ્ય આચારથી છોડાવે, શુભ આચારમાં પ્રવર્તાવે, મનમાં એમ ઇચ્છે કે—આ જીવ સુખી થાય તો ઠીક, તેથી સારાં નિમિત્તો મેળવી ઊંચે રસ્તે ચઢાવે. પછી પોતાને સારું જ્ઞાન પ્રાપ્ત થયું, શાસ્ત્રનું રહસ્ય જાણ્યું, પાંચ માણસમાં પૂછાતો થયો એટલે અભિમાન આવ્યું, માન ખંડિત થવાના ભયથી જેની પાસેથી જ્ઞાન મેળવ્યું, મોટી પદવીને પામ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હાલના વિજ્ઞાન જેવું અજ્ઞાન આ જગતમાં બીજું કોઈ નથી

આ વાક્ય વાંચતા વાચકને આશ્ચર્ય ઉપજે તેમ છે પરંતુ તેમાં આવેલા **વિજ્ઞાન** શબ્દથી હાલમાં સાયન્સને અંગે થયેલી અનેક પ્રકારની શોધ-રેલવે, મોટર, સ્ટીમર, એરોપ્લેન વિગેરે સમજવાના છે અને **અજ્ઞાન** શબ્દથી તે તે સાધનોથી થતા પરિણામોનું-મનુષ્યોના વિનાશનું અજાણપણું-વિચાર રહિતપણું અથવા છતી આંખે નહીં દેખવાપણું-આંખમીંચામણી કરવાપણું છે તે સમજવાનું છે; કારણ કે ખરું અજ્ઞાન જ તે છે.

૧. જ્યારે નવી શોધને અંગે રેલવે શરૂ થઇ નહોતી ત્યારે આપણે બીજા વાહનોથી દેશ-પરદેશ જતા-આવતા હતા અને આપણો વેપાર-વ્યવહાર ચાલતો હતો. તેમાં વર્ષ આખરે વાહનોથી થતા મરણની સંખ્યા કેટલી હતી? અત્યારે રેલવે થયા પછી તેના અકસ્માત્ વિગેરેથી મનુષ્યની સંખ્યા કેટલી મરણ પામે છે તેના આંકડા મૂકો ને પછી વિચારો કે કદી રેલવેથી બીજો ફાયદો થોડે ઘણે અંશે થયો હોય પરંતુ મનુષ્ય જાતિના મરણની પાસે તે લાભ શું હિસાબમાં છે?

૨. જ્યારે મોટરકાર શરૂ થઇ નહોતી ત્યારે પણ આપણો વેપાર વ્યવહાર ઘોડાગાડી, બળદગાડી વિગેરેથી ચાલતો હતો. તેમાં વર્ષ આખરે મનુષ્યજાતિના મરણો કેટલા થતા હતા? અત્યારે મોટરના અકસ્માતોથી દરરોજ એકંદર મરણ કેટલા થાય છે અને વર્ષ આખરે કુલ સંખ્યા કેટલી થાય છે? તેના આંકડા મૂકો ને પછી વિચાર કરો કે મોટરે લાભ કેટલો કર્યો ને હાનિ કેટલી કરી? આ હાનિ જેવી તેવી નહીં પણ આપણા બંધુ તરીકે ગણાતા મનુષ્યોના મરણરૂપ છે તે લક્ષ્યમાં રાખશો.

---

તેને તેમજ પોતાની પૂર્વ સ્થિતિને ભૂલી જઇ પોતાની ઉપર ઉપકાર કરનાર પ્રત્યે દ્વેષભાવ કરે, તેને હલકા પાડવાની વૃત્તિ કરે, પોતે મહાન્ જાણકાર છે એમ અન્યને મનાવે અને પોતાને જ્ઞાન આપનાર પ્રત્યે અભાવ કરે તે **ધર્મકૃતઘ્ની.**

ઉપર જણાવેલા ત્રણે પ્રકારના કૃતઘ્ની મહાપાપી ગણાય છે માટે કૃતઘ્નપણાનો દોષ તજવા યોગ્ય છે. —પોપટલાલ સાકરચંદ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩. એરોપ્લેન નહોતા શરૂ થયા ત્યારે પણ આપણો વ્યવહાર તો ચાલતો જ હતો પરંતુ તેમાં મનુષ્યજાતિના મરણની વાત નહોતી. અત્યારે એરોપ્લેન કેટલાક બળી જાય છે, કેટલાક ડૂબી જાય છે, કેટલાક પરસ્પર અથડાઇને નાશ પામે છે, તેમાં મનુષ્યજાતિના કેટલા મરણો થાય છે ? જરા નેત્ર મીંચી ન રાખતાં આંખ ઉઘાડીને જુઓ, પછી તમને ગમે તેમ કરજો. એમાં કાંઇ આગ્રહનું કામ નથી.

૪. જ્યારે નાની કે મોટી અથવા જંગી સ્ટીમરો નહોતી ત્યારે વહાણ વિગેરેથી પણ વેપાર-રોજગાર ચાલતો હતો. અત્યારે એક બીજાની હરિફાઇથી જંગી સ્ટીમરો બનાવવા લાગ્યા છે. તેમાંની કેટલીએ સ્ટીમરો આખી ને આખી સેંકડો તેમજ હજારો મનુષ્યો સાથે જળશરણ થાય છે, તેમજ સ્ટીમરને તળીએ જઇને બોંબ મૂકવાની પણ નવી શોધ થઇ છે, તે પણ કેટલીએ લશ્કરી સ્ટીમરોનો સંખ્યાબંધ મનુષ્ય સાથે નાશ કરે છે. આનો એકંદર સરવાળો મૂકાય તો ખબર પડે.

૫. એરોપ્લેન થયા બાદ ઝેરી ગેસની નવી શોધ કરવામાં આવી અને તેને પરિણામે એરોપ્લેનદ્વારા આકાશમાં રહીને ઝેરી ગેસ નીચે ફેંકી લાખો મનુષ્યોના પ્રાણ લેવામાં આવે છે. ઇટાલીએ કરેલો એબિસિનિયા ઉપરનો અસહ્ય જુલમ તાજો જ છે કે જેને બીજા રાજ્યો છતી આંખે નિવારણ ન કરતાં જોઇ રહ્યા ને કેટલાક રાજ્યો તો રાજી પણ થયા. આવી આવી નવી શોધોની કેટલી હકીકત લખાય ? હું તો એવી હકીકતનો પૂરો જાણનાર પણ નથી, પરંતુ મને ખાત્રી થઇ છે કે જેટલી નવી શોધો થઇ છે તે બધી-એક પણ અપવાદ સિવાય મનુષ્ય જાતિના ઘોર સંહાર માટે જ થઇ છે.

અત્યારે આ હકીકત અટકી શકે તેમ નથી, એ તો હજુ આગળ વધનારી છે, પરંતુ તેવી શોધોના વખાણ કરનારાઓ કે જેમાં જૈન બંધુઓ પણ હોય છે તેઓ કાંઇક આંખ ઉઘાડે અને એવા પાપકાર્યની શરૂઆત પોતે તો ન કરે, ન કરાવે અને કરનારના વખાણ ન કરે એવા શુભ ઇરાદાથી આ ટૂંકો લેખ લખવામાં આવ્યો છે. જૈન શાસ્ત્રે બતાવેલા ૧૫ કર્માદાનના ત્યાગમાં યંત્ર-પીલન કર્મમાં આનો સમાવેશ થઇ શકે એમ મારું માનવું છે.

આવી મનુષ્ય-હત્યાઓથી જેમના હૃદય કંપી ઉઠતા હોય તેઓ આ સંબંધમાં આ લેખને પુષ્ટિ આપવા પોતાની લેખિનીનો ઉપયોગ કરશે એવી હું આશા રાખું છું.

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ભાવનગર
# શ્રી જૈનધર્મ પ્રસારક સભાનો રિપોર્ટ

[ સં. ૧૯૯૨ ના ચૈત્ર શુદિ ૧ થી સં. ૧૯૯૩ ના ફાગણ વદિ ०)) સુધીનો ૫૬ મા વર્ષનો. ]

## જનરલ કમિટિ

આ સભામાં ગયા વર્ષ આખરે ૩ પેટ્રન, ૩૦૬ લાઇફ મેમ્બર, ૧૩૯ પહેલા વર્ગના, ૯ બીજા વર્ગના ને ૧ ઓનરરી કુલ ૪૫૮ સભ્યો હતા તેમાં ગુજરી ગયેલા તથા ફી ન આવવાથી કમી કરેલા તે બાદ કરતાં અને નવા થયા તે ઉમેરતાં વર્ષ આખરે ૩ પેટ્રન, ૩૧૩ લાઇફ મેમ્બર, ૧૨૯ પહેલા વર્ગના મેમ્બર, ૬ બીજા વર્ગના મેમ્બર ને ૧ ઓનરરી મેમ્બર કુલ ૪૫૨ રહ્યા છે. તેમાં ૩૧૮ બહાર ગામના ને ૧૩૪ ભાવનગરના છે.

### પેટ્રન

| | | |
|---|---|---|
| ૧ | શેઠ માણેકલાલભાઇ મનસુખભાઇ | અમદાવાદ |
| ૨ | સર કીકાભાઇ પ્રેમચંદ | મુંબઇ |
| ૩ | શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસ | રાણપુર |

## મેનેજીંગ કમિટિ

### પ્રમુખ

૧ શા. કુંવરજી આણંદજી.

### ઉપપ્રમુખ

૨ રા. રા. જીવરાજભાઇ ઓધવજી

### મંત્રી

૩ ગાંધી અમરચંદ ઘેલાભાઇ

### ઉપમંત્રી

૪ મહેતા ચૂનીલાલ નાગરદાસ

### ખજાનચી

૫ શા નેમચંદ ગિરધરલાલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સભાસદો

૬ શા. ગુલાબચંદ આણંદજી
૭ શેઠ નાનચંદ કુંવરજી
૮ શા. જીવરાજ રતનજી
૯ શેઠ છોટાલાલ નાનચંદ
૧૦ પરી. ચૂનીલાલ દુર્લભજી
૧૧ શા. પાનાચંદ ખુશાલ
૧૨ વોરા પરમાણંદ તારાચંદ
૧૩ શા. પોપટલાલ સાકરચંદ
૧૪ શા. વિઠલદાસ મૂળચંદ
૧૫ શા. ફતેચંદ ઝવેરચંદ
૧૬ શા. નાનાલાલ હરિચંદ

# પ્રસ્તુત વર્ષમાં મળેલી મિટીંગોમાં થયેલા કામકાજનો સાર

## ૧ સંવત ૧૯૯૨ ના જેઠ શુદિ ૧૦ મેનેજીંગ કમિટિ

૧ ત્રીજા માળમાં કરેલી ઓરડી સંબંધી ખર્ચ મંજુર કર્યો.

## ૨ સં. ૧૯૯૨ ના જેઠ વદિ ૧૪ મેનેજીંગ કમિટિ

૧ બે મેમ્બરોના વિનંતિપત્રો મંજુર કર્યા.

૨ વેચાણ બુકો રાખવાના કબાટોમાં રંગ રીપેરની જરૂર જણાતાં તેને માટે રૂા. ૧૦૦) સુધીનો ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવી.

## ૩ સં. ૧૯૯૨ ના અશાડ વદિ ૮ મેનેજીંગ કમિટિ

૧ ચાર નવા મેમ્બરોના વિનંતિપત્રો મંજુર કરવામાં આવ્યા.

૨ શ્રાવણ શુદિ ૩ ની વર્ષગાંઠ શીહોર જઈને ઉજવવાનો, ત્યાં પૂજા ભણાવવાનો ને સર્વે સભાસદોનું સ્વામીવચ્છલ કરવાનો કાયમ પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો.

૩ સદરહુ કાર્ય માટે સબ કમિટિ નીમવામાં આવી.

## ૪ સં. ૧૯૯૨ શ્રાવણ શુદિ ૧૧ મેનેજીંગ કમિટિ

ત્રણ નવા મેમ્બરોના વિનંતિપત્રો મંજુર કરવામાં આવ્યા.

સં. ૧૯૯૧ ના ચૈત્ર શુદિ ૧ થી સં. ૧૯૯૨ ના ફાગણ વદિ ૦)) સુધીનો હિસાબ ને રિપોર્ટ વાંચી બતાવવામાં આવ્યો. ખર્ચ ઘટાડવા માટે કેટલીક ચર્ચા ચાલી. પરિણામે શ્રાવણ વદિ ત્રીજે જનરલ મિટીંગ બોલાવી તેમાં રિપોર્ટ ને હિસાબ રજૂ કરી પસાર કરાવવા તેમજ ખર્ચ સંબંધી ચર્ચા કરવાનું ઠરાવ્યું.

## ૫ સં. ૧૯૯૨ ના શ્રાવણ વદિ ૩ જનરલ સભા

સં. ૧૯૯૧ ના ચૈત્ર શુદિ ૧ થી સં. ૧૯૯૨ ના ફાગણ વદિ ૦)) સુધીનો રિપોર્ટ ને હિસાબ રજૂ કરવામાં આવ્યો તે મંજુર કરી છપાવીને બહાર પાડવા ઠરાવ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ મુદ્દરનુ રિપોર્ટ વંચાતાં બે ઠરાવ કરવામાં આવ્યા.

(૧) લાઇફ મેમ્બરની ફી ખાતાની રકમ સભાના મકાનખાતામાં જ રોકેલી છે તેથી ચાલુ વર્ષથી સભાના મકાનખાતે વ્યાજ ઉધારવું નહીં ને ભાડું જમે કરવું નહીં. સભાના મકાનનું ભાડું ઉપજે તે લાઇફ મેમ્બરની ફી ખાતાની રકમના વ્યાજ બદલ સભાસદોની ફી ખાતે જમે કરવું.

(૨) વ્યાજખાતામાં ટોટો આવે છે તેથી હવે પછી શ્રાવણ શુદિ ૩ ની સભાના વર્ષગાંઠ ખાતાનું વ્યાજ ટકા ૪ાા લેખે ચડાવવું.

## ૬ સં. ૧૯૯૨ ના પ્ર. ભાદ્રપદ શુદિ ૧૩ જનરલ સભા

ભાઇ શ્રી કુંવરજી મૂળચંદ જેમણે સભાનું સેક્રેટરીપણું ઘણા વર્ષો સુધી કર્યું છે તેએ મીરજખાતે પ્ર. ભાદરવા શુદિ ૯ મે ગુજરી જતાં તે સંબંધી દિલગીરી દર્શાવવા જનરલ સભા મળી. તેમાં દિલગીરીનો ઠરાવ કરી તેમના કુટુંબ ઉપર દિલાસા પત્ર મોકલવા ઠરાવ્યું.

## ૭ સં. ૧૯૯૨ ના બીજા ભાદ્રપદ શુદિ ૭ જનરલ સભા

શેઠ પ્રેમચંદ રતનજી કે જેઓ બહુ વર્ષોથી સભાના ઉપપ્રમુખ હતા તેઓ બીજા ભાદ્રપદ શુદિ ૪ શનિવારે પંચત્વ પામતાં તે સંબંધી દિલગીરી દર્શાવવા જનરલ સભા મેળવવામાં આવી તેમાં દિલગીરીનો ઠરાવ કરી તેમના કુટુંબ ઉપર દિલાસા પત્ર મોકલવા ઠરાવ્યું

## ૮ સં. ૧૯૯૨ ના આસો વદિ ૧૩

સરક્યુલર કાઢીને બે વિનંતિપત્રો સંબંધી મેનેજીંગ કમિટિનો અભિપ્રાય મેળવવામાં આવ્યો ને તે વિનંતિપત્રો પસાર કર્યા.

## ૯ સં. ૧૯૯૩ ના કાર્તિક વદિ ૧૩

ઉપર પ્રમાણે સરક્યુલર કાઢી અભિપ્રાય મેળવી બે વિનંતિપત્રો પસાર કર્યા.

## ૧૦ સં. ૧૯૯૩ ના માગશર વદિ ૧૪

ઉપર પ્રમાણે સરક્યુલર કાઢી અભિપ્રાય મેળવી ત્રણ વિનંતિપત્રો પસાર કર્યા.

## ૧૧ સં. ૧૯૯૩ ના માહ વદિ ૦))

ઉપર પ્રમાણે સરક્યુલર કાઢી અભિપ્રાય મેળવી ત્રણ વિનંતિપત્રો પસાર કર્યા.

## ૧૨ સં. ૧૯૯૩ ના ફાગણ વદિ ૧૨

મેનેજીંગ કમિટિ મેળવવા સરક્યુલર કાઢયો પણ કોરમ ન થવાથી કાર્ય ન થયું ફાગણ વદિ ૧૪ શે સરક્યુલર કાઢી અભિપ્રાય મેળવીને ત્રણ વિનંતિપત્રો પસાર કર્યા

ઉપર પ્રમાણે મળેલી મિટિંગો ને સરક્યુલરોનો સાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સભાનું નાણા પ્રકરણી ખાતું

આ ખાતું સમજવા માટે સભાના જ્ઞાનખાતાના અંગના સભાખાતું, જૈન ધર્મ પ્રકાશ ખાતું, જૈન ધર્મ પ્રકાશના હાંસલ ખાતું, સભાની લાઇબ્રેરી ખાતું ને વ્યાજ ખાતું તથા સભાસદોની ફી ખાતાના અંગના સભાસદોની ફી ખાતું, લાઇફ મેમ્બરોની ફી ખાતું, સાધારણ ખાતું, શ્રાવણ શુદિ ૩ ની વર્ષગાંઠ ખાતું, કાર્તિક શુદિ ૬ ના સ્વામીવચ્છલ ખાતું સમજવાની એટલે કે તે ખાતાની આવક ને ખર્ચ જાણવાની જરૂર છે. તેમજ સભાની માલેકીનું મકાન ખાતું સમજવાની પણ જરૂર છે તેથી તે તમામ ખાતાના ઉપજ–ખર્ચની હકીકત ટૂંકામાં આપવામાં આવી છે.

## ૧ સભા ખાતું

### જમે બાજુ

૧૧૬૫ા૮ાાા બુક વેચાણના હાંસલ વિગેરેના જમે થયેલામાંથી કમીશન, ખર્ચ, ઘટ વિગેરેની રકમ બાદ જતાં રહ્યા તે.

૨૭૬ા–ાા લાઇબ્રેરી ખાતે ભેટ આવેલી બુકોના તથા ફાઇલો વિગેરેના

૧૩ા–ાા કાર્તિક શુદિ ૧ મે તથા શુદિ ૫મે જ્ઞાન સમીપે આવ્યા તે

૧૫ાાા–ાાા ખાતાં માંડી વાળ્યા તેના

૬ા૦ાાા પરચુરણ રકમે જમે આવ્યા તે

૧૪૮૦ા–ા

### ઉધાર બાજુ

૧૦)૮ મુનિરાજ શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિ પૂજા ભણાવ્યાના અર્ધા ખર્ચના.

૨૨)–ા મુનિરાજ શ્રી વૃદ્ધિચંદજી મહારાજની જયંતિ નિમિત્તે પૂજા ભણાવ્યા સંબંધી ખર્ચના.

૧૩ા–ા કાર્તિક શુદિ ૬ ઠે સભાની ઓફિસમાં જ્ઞાનપાસે પૂજા ભણાવ્યાના ખર્ચના

૫૨ા૮ાાા લાઇબ્રેરી માટે માસિકો, ન્યુસપેપરો તથા ગ્રંથમાળાના પુસ્તકોના લવાજમના તથા કિમતના

[illegible]ાાા સાધુ સાધ્વી વિગેરેને તથા પાઠશાળાઓને ભેટ આપેલી બુકોના

[illegible]) શ્રી ઉજમબાઇ કન્યાશાળાને વાર્ષિક ગ્રાંટના

[illegible]) શ્રી વૃદ્ધિચંદજી જૈનશાળાને વાર્ષિક ગ્રાંટના

[illegible]) શ્રી વૃદ્ધિચંદજી સામાયિકશાળાને વાર્ષિક ગ્રાંટના

[illegible] સભાના મકાનના તથા વખારના વીમાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨૩॥ વખાર ભાડાના. માસ ૮ ને દિન ૧૦ ના (બીજા તરામાં ઉધર્યો)
૫૨)≈ ઇલેકટ્રીક બત્તીના ખર્ચના અર્ધ ભાગના
૧૧૯॥≈॥ પોસ્ટેજ સંબંધી ખર્ચના
૨૦॥– લેણાના ખાતા માંડી વાળ્યા તેના
૬૮૨॥૦॥ વ્યાજના આપવા પડ્યા તે
૬૭)–॥ પરચુરણ અનેક બાબતના ખર્ચના
૧૮૭૧)–

ઉપર પ્રમાણે ખર્ચમાંથી આવકની રકમ બાદ કરતાં રૂા. ૩૯૦॥≈॥ નો ટોટો પડવાથી આ ખાતે બાકી દેવા રૂા. ૧૪૫૮૯॥≈॥ હતા તેના રૂા. ૧૪૧૯૯૦॥ દેવા રહ્યા છે.

## ૨ શ્રી જૈન ધર્મ પ્રકાશ ખાતું

### જમે બાજુ

૨૦૮૯॥॥૦॥ શ્રી જૈન ધર્મ પ્રકાશના લવાજમના બે વર્ષના વેલ્યુ કરવાથી આવેલા તથા મનીઓર્ડર વિગેરેથી આવેલા તે
૫૩૧ મેમ્બરોને ભેટ આપેલ શ્રી જૈન ધર્મ પ્રકાશ પુ. ૫૨ ના
૧૩૫) ભાવનગરના મેમ્બરો ૧૩૫ ના દ. ૧) લેખે
૩૯૬। બહારગામના મેમ્બરો ૩૧૭ ના દ. ૧। લેખે
૧૯॥≈॥ જૈન પંચાંગના વેચાણના આવ્યા તે
૨૦) જાહેર ખબર બે વેંચામણીના દ. ૧૦) મુજબ
૨૬૬૧)

### ઉધાર બાજુ

૮૦૪) શ્રી જૈનધર્મ પ્રકાશ પુ. ૫૨ ના ફારમ ૬૪॥ ના છપામણના દર ૧૨
૪૦૫॥ કાગળના–રોયલ ગ્લેઝના રૂા. ૩૨૫॥≈ તથા રૂા. ૮૦)૦॥ આર્ટ પેપર
૬૪॥ ફારમ ૬૪॥ ના પ્રુફ તપાસવાના દર રૂા. ૧)
૪૩૦॥≈॥ પોસ્ટેજ ખર્ચના વેલ્યુ સુધાંતના
૩૪॥ જૈન પંચાંગના છપામણ તથા કાગળના મળીને
૨૧॥ બ્રાઉનપેપરના, રેપર છપામણના તથા કાર્ડ છપામણના
૨૧॥–॥ પરચુરણ ખર્ચના
૧૭૮૨॥–

ગયા વર્ષમાં બાકી લેણા રૂા. ૯૨૬।૦॥ હતા તે સુધાંત રૂા. ૨૭૦૯)≈

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાંથી જમે બાજુના રૂ. ૨૬૬૧) બાદ કરતાં બાકી રૂ. ૪૮)= લેણા રહ્યા તે શ્રી જૈન ધર્મ પ્રકાશના હાંસલ ખાતે ઉધારી વાળ્યા છે.

## ૩ શ્રી જૈન ધર્મ પ્રકાશનું હાંસલ ખાતું

આ ખાતે દેવી રકમ હતી પરંતુ ગયા વર્ષના જ્યુબીલી અંકના ખર્ચની રકમ ઉધરવાથી રૂ. ૨૪૪ાાા લેણા રહ્યા છે, તેમાં ઉપરના રૂ. ૪૮)= વધતાં કુલ રૂ. ૨૯૨ાા= લેણા થયા છે.

## ૪ શ્રી વ્યાજ ખાતું

આ ખાતે માસ ૧૩ ના વ્યાજના જુદા જુદા ખાતાના જમે કર્યા તે રૂ. ૬૮૭ાા= ઉધર્યા તેમાં રૂ. ૫)–ના સેર્વીંગબેંકમાંથી વ્યાજના આવ્યા તે બાદ જતાં રૂ. ૬૮૨ાાOા લેણા રહ્યા તે સભા ખાતે ઉધારી વાળ્યા છે.

## ૫ સભાની લાઇબ્રેરી ખાતું

આ ખાતે રૂ. ૮૭૫૫ )=ાાા લેણા હતા. ઉપરાંત રૂ. ૧૪૪ાા–ાા નવી ખરીદ કરેલી બુકોના ઉધર્યા અને રૂ. ૨૭૯ા–ાા ભેટ આવેલી બુકોના ઉધર્યા. કુલ રૂ. ૪૨૩ાાા≡ ઉધરતાં રૂ. ૯૧૭૯)–ાાા લેણા થયા છે તેની વિગત—

| | | |
|---|---|---|
| ૨૭૪૯)=ાાા | વર્ગ ૧ લો—ધર્મ સંબંધી બુકો | ૨૮૦૦ |
| ૪૨૩ાા | વર્ગ ૨ જો—સંસ્કૃત બુકો | ૨૪૨ |
| ૨૬૭૧ા– | વર્ગ ૩ જો—નીતિ સંબંધી બુકો | ૨૪૬૫ |
| ૪૨૦ા– | વર્ગ ૪ થો—લખેલી પ્રતો | ૬૩ |
| ૧૩૨૪ા | વર્ગ ૫ મો—માસિકોની ફાઇલો | ૬૫૩ |
| ૧૮૫ાા= | વર્ગ ૬ ઠો—ઇંગ્રેજી બુકો | ૧૧૬ |
| ૧૪૦૪ાાા≡ | વર્ગ ૭ મો—છાપેલી ધર્મસંબંધી પ્રતો | ૭૧૫ |
| ૯૧૭૯)–ાાા | | ૭૦૫૪ |

## ૬ સભાસદોની ફી ખાતું.

### જમે બાજુ

| | |
|---|---|
| ૪૩૩ા≡ | વાર્ષિક મેમ્બરની ફીના વસુલ આવ્યા તે |
| ૧૯૮ાા | મકાન ભાડાના ( લાઇફ મેમ્બરની ફી ખાતાના વ્યાજ બદલ ) |
| ૬૩૧ાાા≡ | |

### ઉધાર બાજુ

૯૨૬૧) નોકર પગારના નીચે પ્રમાણે—

૪૫૫) કારકુન મોહનલાલ મગનલાલના માસ ૧૩ ના દર ૩૫)
૨૬૦) કારકુન રતિલાલ મૂળચંદના માસ ૧૩ ના દર ૨૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩૦) કા. ન્યાલચંદ નરોત્તમના માસ ૧૩ ના દર ૧૦)
૧૫૬) કા. ગંભીરદાસ જગજીવનને માસ ૧૩ ના પેનશનના દર ૧૨)
૨૬૦) પંડિત જગજીવનદાસ પોપટલાલને માસ ૧૩ ના દર ૨૦)
શ્રી જૈન સંસ્કૃત પાઠશાળામાં ભણાવવાના

૧૨૬૧)

૫૬॥ પાણી ભરામણના તથા પરચુરણ કામ કરાવવાના માસ ૧૪ ના
૫૩૧। શ્રી જૈન ધર્મ પ્રકાશ સભાસદોને ભેટ આપ્યું તેના
૩૯૬। બહારગામના મેમ્બર ૩૧૭ ના દર ૧। મુજબ
૧૩૫) ભાવનગરના મેમ્બર ૧૩૫ ના દર ૧) મુજબ
૫૨)= ઇલેકટ્રીક લાઇટના ખર્ચના ભાગ અરધાના
૨૬)= પીસ્તાળીશ આગમની પૂજાની બુકો મેમ્બરોને ભેટ આપી તેના
૨૦) પંડિત જગજીવનદાસના પગાર સંબંધી સં. ૧૯૯૦ ની સાલની ભૂલના
૨૬)≡॥ લેણાના ખાતા માંડી વાળ્યા તેના
૨૮।=॥ પરચુરણ ખર્ચના
૩૪॥≡ સાધારણ ખાતે લેણા રહેલા માંડી વાળ્યા તે

૨૦૩૬॥−

ઉપર પ્રમાણે ઉપજમાંથી ખર્ચ બાદ કરતાં રૂા. ૯૫)= નો વધારો પડ્યો તે બાકી દેવા રૂા. ૩૬૯૯॥≡ હતા તેમાં ઉમેરતા રૂા. ૩૭૯૪॥− દેવા થયા છે.

## ૭ લાઇફ મેમ્બરની ફી ખાતું.

આ ખાતે જમે આવેલી રકમની વિગત—

| | | |
|---|---|---|
| ૫૧) | શા અમૃતલાલ હઠીસંગ. | ધુળીઆ |
| ૫૦) | શા. દુલભદાસ માવજી. | ભાવનગર |
| ૨૫) | શા. દુલભદાસ વલ્લભદાસ | ,, |
| ૨૫) | દોશી દલીચંદ પુરુષોત્તમ. | બોટાદ |
| ૫૦) | શા. છોટાલાલ હીરાચંદ. | ભાવનગર |
| ૨૫) | શા. ફતેહચંદ ઝવેરભાઇ. | ,, |
| ૨૫) | શા. મોહનલાલ જગજીવન. | ,, |
| ૨૫) | શેઠ નાનચંદ કુંવરજી. | ,, |
| ૨૫) | શા. દેવચંદ દુલભદાસ. | ,, |
| ૫૦) | શા. અમરચંદ કુંવરજી. | ,, |
| ૫૦) | શેઠ હરિદાસ સૌભાગ્યચંદ. | વેરાવળ |
| ૫૦) | શેઠ જગાભાઇ કેશવલાલ. | અમદાવાદ |
| ૨૫) | પરી ગોવિંદજી કેશવજી. | ભાવનગર |
| ૨૫) | શા. નાનાભાઇ દીપચંદ. | મુંબઇ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| ૨૫) પરી મણિલાલ ખુશાલચંદ. | પાલણપુર |
| ૨૫) ગાંધી અભેચંદ ભગવાનદાસ. | ભાવનગર |
| ૨૫) ગાંધી ડાયાલાલ વનમાળી. | ,, |
| ૨૫) શા. હરગોવિંદ ઉમેદચંદ. | ,, |
| ૨૫) શા. વિઠ્ઠલદાસ મૂળચંદ | ,, |
| ૬૨૬) | |

આ ખાતે રૂા. ૨૫૭૬૮ા દેવા હતા તેમાં ઉપર પ્રમાણેના રૂા. ૬૨૬) ભળવાથી રૂા. ૨૬૩૯૪ા દેવા થયા છે.

આ ખાતાની રકમ સભાના મકાનમાં જ રોકેલ હોવાથી મકાનભાડું આ ખાતાને હિસાબે સભાસદોની ફી ખાતે જમે કરેલ છે.

## ૮ સાધારણ ખાતું

આ ખાતે રૂા. ૩૧ાા દેવા હતા. તેમાં રૂા. ૬૬ા≈ ઉધરતાં રૂા. ૩૪ાાા≈ લેણા થયા તે સભાસદોની ફી ખાતે ઉધારી વાળી આ ખાતું ચૂકતું કર્યું છે.

## ૯ કાર્ત્તિક શુદિ ૬ ના સ્વામીવચ્છળ ખાતું

આ ખાતે રૂા. ૫૩૫ા≈ાા દેવા હતા અને રૂા. ૩૦) વ્યાજના જમે કર્યા, કુલ રૂા. ૫૬૫ા≈ાા થયા. તેમાં કાર્ત્તિક શુદિ ૬ ના ચા ટીફીન ખર્ચના રૂા. ૨૭ા≈ાા ઉધરતાં રૂા. ૫૩૭ાાા≈ દેવા રહ્યા છે.

## ૧૦ શ્રાવણ શુદિ ૩ ની સભાની વર્ષગાંઠ ખાતું

આ ખાતે રૂા. ૪૨૫૭) દેવા હતા અને વ્યાજના રૂા. ૨૬૩) જમે થતાં રૂા. ૪૫૨૦) થયા તેમાં શ્રાવણ શુદિ ૩ ની વર્ષગાંઠના ખર્ચના રૂા. ૧૮૯ા−ાા ઉધરતાં રૂા. ૪૩૩૦ાા−ાા દેવા થયા છે.

## ૧૧ સભાના મકાન ખાતું

આ ખાતે શેઠ નાગરદાસ પુરુષોત્તમ–રાણપુર નિવાસી તરફથી મળેલ રૂા. પચીશ હજારની આર્થિક સહાય બાદ જતાં રૂા. ૨૪૯૫૯ાા−ાા લેણા હતા. તદુપરાંત રૂા. ૧૫૭ા−ાા મકાન રીપેરના તથા નવા કામના ઉધરતાં રૂા. ૨૫૧૧૭ા−ા લેણા થયા છે.

સભાના ઠરાવ પ્રમાણે આ ખાતે વ્યાજ ઉધાર્યું નથી :અને ભાડું જમે કર્યું નથી ભાડાની રકમ લાઈફ મેમ્બરની ફી ખાતાના વ્યાજ બદલ ગણીને સભાસદોની ફી ખાતે જમે કરેલ છે.

ઉપર પ્રમાણેના ૧૧ ખાતાની હકીકત જાણવાથી સભાની નાણા સંબંધી સ્થિતિ સમજી શકાશે. બાકી એકંદર સ્થિતિ આ સાથે આપેલા સરવૈયા ઉપરથી સમજી શકાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સંવત ૧૯૯૩ ના ફાગણ વદ ૦)) સુધીની લેણદેણનું સરવૈયું.

| જ | |
|---|---|
| ૧૪૧૯૯૦।।। | શ્રી સભા ખાતે |
| ૩૭૯૪।।।- | સભાસદોની ફી ખાતે |
| ૨૬૩૯૪। | લાઇફમેમ્બરોની ફી ખાતે |
| ૪૪૩૧। | શ્રી જીવદયા ખાતે |
| ૪૩૩૦।।=।। | શ્રાવણ શુદિ ૩ ની વર્ષગાંઠ ખાતે |
| ૫૩૭।।।≈ | કાર્ત્તિક શુદિ ૬ ના સ્વામીવચ્છલ ખાતે |
| ૩૦૨।≈।। | શ્રાવણ શુદિ ત્રીજે માછલાની જાળ છોડાવવાના |
| ૧૪૭)=।।। | શા. ડાયાલાલ હકમચંદ તરફથી પ્રભાવના કરવાના |
| ૨૦૫૫)=।। | શેઠ ત્રિભુવનદાસ ભાણજી કન્યાશાળા (બુક છપાવવા) |
| ૭૬૨।।।૦।।। | બેન મોંઘી ગિરધર લગ્ન સ્મારક ખાતે |
| ૨૦૦૩।-।।। | શ્રી બુદ્ધિ-વૃદ્ધિ-કર્પૂર ગ્રંથમાળા ખાતે |
| ૯૫૦) | શ્રી શીહોર સંઘ સમસ્ત (બે ગ્રંથ છપાવવા બાબતના) |
| ૪૫૦૦।=।। | બુકો છપાવવા સંબંધી દેવા |
| ૨૪૦।।।૦।। | શ્રી જૈન બોર્ડીંગ ખાતે |
| ૪૯૯।। | બાબુ હનમાનસિંઘ લક્ષ્મીચંદજી |
| ૧૮૮૫)૦। | શરાફી દેવા પરચુરણ |
| ૩૮૫।।।-।।। | સભાસદોના તથા લાઇબ્રેરીના ડીપોઝીટના |
| ૧૫૯)≈।।। | પરચુરણ ખાતે દેવા |
| ૫૫૨।૦। | વેચવાની અનેક બુકોના કમીશનના |
| ૬૮૧૩૨)≈। | |

| ઉ | |
|---|---|
| ૯૧૭૯)-।।। | સભાની લાઇબ્રેરી ખાતે |
| ૧૫।≈ | ટીકીટના મેળ ખાતે |
| ૪૫૮૪।।।= | વેચવાના પરચુરણ પુસ્તક ખાતે |
| ૨૩૩૮૪।।।≈।।। | સભાની છપાવેલી બુકો ખા |
| ૨૫૧૧૭।-।। | સભાના મકાન ખાતે |
| ૨૯૨।।।= | શ્રી જૈનધર્મ પ્રકાશ ખા |
| ૩૫૩)≈।। | સભાના મકાનના ભાડુત |
| ૨૭૯।-।। | મહોદય પ્રેસમાં છપાવવા કાગળ ખાતે |
| ૩૮૫।≈ | તાજી છપાવેલી બુકો ખા |
| ૬૧૭।= | બુકસેલરો વિગેરેને ખા |
| ૩૬૫।≈। | ચાલુ તથા બંધ થયે મેમ્બરો પાસે લેણા |
| ૧૩૪)= | ઉપળેક ખાતામાં પરચુ |
| ૩૩૪૫) | ભાવનગર દરબારી સેવી બેંક ખાતે ( ગ્રંથમાળા-શીહોર સં તથા બાબુના ) |
| ૮૩)= | શ્રી પુરાંત જણશે |
| ૬૮૧૩૭।।≈। | |

સરવૈયામાં રૂા. પાા નો ફેર રહે છે.

**આ રિપોર્ટ ભાદ્રપદ વદિ ૧ ગુરૂવારે મળેલી જનરલ સભામાં પસાર કરવામાં આવ્યો છે.**

મંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંવત ૧૯૯૩ ના શ્રાવણ માસની પત્રિકા નં. ૪૨

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ–પાલીતાણા.

( સ્થાપના સં. ૧૯૬૨ ના ચૈત્ર શુદિ ૧૦ )

**ધાર્મિક પ્રવૃત્તિઓ:**—નિયમાનુસાર ધાર્મિક પ્રવૃત્તિઓ સામાયિક, પ્રતિક્રમણ, ગુરુવંદન વિગેરે દરેક ક્રિયાઓ થઇ રહેલ છે. વર્ષાઋતુના કારણે સિદ્ધગિરિની યાત્રા બંધ થતાં વિદ્યાર્થીઓ તલાટીના દર્શનનો લાભ લે છે. તે ઉપરાંત આપણા પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં પહેલે દિવસે લગભગ બધા વિદ્યાર્થીઓએ ઉપવાસ કર્યાં હતા. સાંજ સવાર પ્રતિક્રમણ કરવામાં આવેલ હતું. આ પ્રમાણે ધાર્મિક પ્રવૃત્તિઓ થઇ રહેલ છે :—

**વિવાદસભા ગુજરાતી :—**

| વિષય | વક્તા | પ્રમુખ |
|---|---|---|
| ૧ પ્રાર્થના | શ્રીયુત જાદવજી ન. વ્યાસ | |
| ૨ બ્રહ્મચર્ય | નાગરદાસ ત્રિભુવન | શ્રી મનજી ગુલાબચંદ શાહ |
| ૩ વિદ્યાર્થીજીવન | જયંતિલાલ જાદવજી | શ્રી મનજી ગુલાબચંદ શાહ |
| ૪ આરોગ્ય અને કસરત. | ધીરજલાલ હંસરાજ | શ્રી વીરચંદ ફુલચંદ શાહ |
| ૫ ગ્રામ્યજીવન | ઝવેરચંદ કરશનદાસ | શ્રી મનજી ગુલાબચંદ શાહ |
| ૬ અર્વાચીન અને પ્રાચીન હિંદુસ્તાન | ગંભીરદાસ સોમચંદ | શ્રી મનજી ગુલાબચંદ શાહ |
| ૭ દેશસેવા | ચતુર્ભુજ રાયચંદ | શ્રી માવજી વીરચંદ મહેતા |
| ૮ ભ્રાતૃભાવ | જીવરાજ ગોરધન | શ્રી માવજી વીરચંદ મહેતા |
| ૯ નવા સમાચાર | રતિલાલ અમરચંદ | શ્રી માવજી વીરચંદ મહેતા |
| ૧૦ કસરતની જરૂરીયાત. | નાગરદાસ રૂગનાથ | શ્રી માવજી વીરચંદ મહેતા |

**અંગ્રેજી :—**

| *Subject* | *Speaker* | *President* |
|---|---|---|
| 1 The Right use of time | Maganlal P. Doshi | Manji G. Shah |
| 2 Office Acceptance | Vrajlal C. Kothari | Vradhilal A. Shah |
| 3 Student Life | Mulchand N. | Narichaniya |
| 4 Prayer | Manilal L. | Pranlal L. Ajani |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવણ માસની આવક :—

| | |
|---|---|
| ૮૮–૨–૦ | શ્રી જનરલ નિર્વાહ ફંડ ખાતે |
| ૯૭૫–૦–૦ | શ્રી વાર્ષિક મદદ ખાતે |
| ૫૩–૦–૦ | શ્રી ભોજન ફંડ ખાતે |
| ૧૩–૦–૦ | શ્રી કેળવણી ફંડ ખાતે |
| ૫૦૦–૦–૦ | શ્રી સ્વામીવાત્સલ્ય ટ્રસ્ટ ફંડ ખાતે |
| ૧૪૫–૦–૦ | શ્રી દેરાસરજી ફંડ ખાતે |
| ૧૭૭૪–૨–૦ | |

**ભેટ** :—બેન જાસુસ બેન. ગામ અમદાવાદ. નેનકલાક વાર ૧૨, શેઠ નગીનદાસ ભાઇચંદ ગામ પાલીતાણા. અગરબતી શેર ૧૧, બાઇ પાર્વતી ગામ વીરમગામ. ચાંદીનો મુગટ ૧ તોલા ૨૦. ઉપર મુજબ ભેટ સહર્ષ સ્વીકારીએ છીએ.

**જમણવારો** :—

| | | | |
|---|---|---|---|
| ૧ | શેઠ ત્રિભુવનદાસ ભાણજી | ભાવનગર | શ્રાવણ શુદિ ૨ |
| ૨ | શેઠ વરધાજી રતનાજી | મોટાગામ | શ્રાવણ શુદિ ૩ |
| ૩ | શેઠ મણિલાલ બાપુભાઇ | ઘેલડા | શ્રાવણ શુદિ ૪ |
| ૪ | શેઠ પાનાચંદ નવલચંદ | સુરત | શ્રાવણ શુદિ ૬ |
| ૫ | બેન પાર્વતી બેન | લીંબડી | શ્રાવણ શુદિ ૧૫ |
| ૬ | વોરા મગનલાલ તારાચંદ | પાલીતાણા | શ્રાવણ વદિ ૧૧ |

**જરૂરીયાતો** :—સમાજના દાનવીરોને નીચેની જરૂરીયાતો પૂરી પાડવા પોતાનો ઉદાર હાથ લંબાવવા નમ્ર વિનંતિ છે.

૧ શ્રી સ્વામિવાત્સલ્ય ટ્રસ્ટ ફંડની કાયમી તિથિઓ

૨ શ્રી દેરાસરજી તથા લાયબ્રેરી માટે કબાટો

૩ સંસ્થા માટે એક સ્વતંત્ર વ્યાયામશાળા

૪ શ્રી મકાન ફંડ તથા દેરાસરજીખાતાનો રૂા. ૧૪૦૦૦ નો તૂટો પૂરો પાડવા અમારી નમ્ર વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## એક સભાસદનું ખેદકારક પંચત્વ

### ભાવસાર અમૃતલાલ જીવરાજ

આ બંધુ ભાવનગરનિવાસી હતા. તે થોડા વખતના વ્યાધિમાં માત્ર ૪૨ વર્ષની વયે ...પદ વદિ ૭ મે પંચત્વ પામ્યા છે. તેમને એક પુત્ર ૪ વર્ષની ઉમરનો છે. અમે તેમના ...બુઓ વિગેરે કુટુંબીઓને અંતઃકરણથી દિલાસો આપીએ છીએ અને તેમના આત્માને ...તિ ઇચ્છીએ છીએ.

## શ્રી શીહોરના શ્રી સંઘ તરફથી મળતી ભેટ

### શ્રી શ્રીચંદ્રકેવળી ચરિત્ર :: શ્રી આત્મપ્રબોધ ગ્રંથ.

આ ચરિત્ર ને ગ્રંથ બંને ખાસ વાંચવા ને વિચારવા લાયક છે. તેના જિજ્ઞાસુ સાધુ–સાધ્વી ...થા સંસ્થાઓને તે બંને વસ્તુ ભેટ તરીકે આપવાની શ્રી શીહોરના સંઘે ઉદારતા દર્શાવી ... મંગાવવા ઇચ્છનારે ચરિત્ર માટે પાંચ આના અને ગ્રંથ માટે સાત આના પોસ્ટેજના મોકલી ... શીહોરના સંઘ સમસ્ત ઉપર પત્ર લખવો.

### શ્રી પ્રકરણ રત્ન સંગ્રહ

રત્નોની યથાર્થ ઉપમા આપવા લાયક ૧૫ પ્રકરણો–મૂળ, અર્થ, વિવેચન સાથે બહાર ...ામાં આવેલ છે. દ્રવ્યાનુયોગના રસિક આત્માઓને આહ્લાદ આપે તેમ છે.

પાકા બાઇન્ડીંગ સાથે કિંમત માત્ર ૧–૪–૦ પોસ્ટેજ ૭ આના.

### શ્રી શ્રીચંદ્ર કેવળી ચરિત્ર.

શ્રી સિદ્ધર્ષિવિરચિત આ સંસ્કૃત પદ્યબંધ ચરિત્ર અમારા તરફથી હાલમાં જ બહાર ...ં છે. બહુ રસિક છે. કિંમત પડતરથી પણ ઓછી રૂા. ૧) પોસ્ટેજ પાંચ આના.

### શ્રી આત્મપ્રબોધ ગ્રંથ.

શ્રી જિનલાભસૂરિકૃત આ અત્યંત ઉપદેશક ગ્રંથ હમણા જ અમારા તરફથી બહાર ...ે. તેમાં સમકિત, દેશવિરતિ, સર્વવિરતિ ને પરમાત્મસ્વરૂપ–આ ચાર પ્રકાશ બહુ જ ...થી અનેક કથાઓ સાથે આપેલા છે.

કિંમત માત્ર રૂા. ૧–૮–૦ પોસ્ટેજ સાત આના.

### શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર—સાર્થ

શબ્દાર્થ, અન્વયાર્થ તથા ભાવાર્થ સાથે સુંદર આકારમાં તૈયાર કરેલ છે. ...રથી વિવેચન આપીને વિદ્યાર્થીઓ સુગમ રીતે સમજી શકે તેવી શૈલી ...માં આવી છે. શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ ...ાસ ઉપયોગી છે. તૈયાર કરનાર માસ્તર પોપટલાલ સાકરચંદ

... નકલના રૂ ૧–૪–૦ દશ કે વધારે નકલ મંગાવનાર માટે રૂ ૧–૨–૦

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 15[illegible]

## નીચે જણાવેલા ગ્રંથો [illegible] શ્રી જૈનધર્મ પ્રસારક

## સભામાંથી [illegible] મળશે.

| | | |
|---|---|---|
| [illegible] | શ્રી [illegible] ([illegible] નિર્યુક્તિયુક્ત) | ૪-૦-૦ |
| ૨ | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ([illegible] ચૂર્ણિયુક્ત) | ૪-૦-૦ |
| ૩ | શ્રી લલિતવિસ્તરા (શ્રી હરિભદ્રસૂરિ [illegible] ટિપ્પન | ૦-૧૦-૦ |
| ૪ | તત્ત્વતરંગિણી (ઉ. શ્રી ધર્મસાગર [illegible] | ૦-૬-૦ |
| ૫ | બૃહદ્ સિદ્ધપ્રભા વ્યાકરણ | ૨-૮-૦ |
| ૬ | મધ્યમ સિદ્ધપ્રભા વ્યાકરણ | ૦-૧૨-૦ |
| ૭ | શ્રી આચારાંગસૂત્ર વૃત્તિ (શીલાંકાચાર્યકૃત) [ભાગ ૧ લો, ૨ જો. સંપૂર્ણ] | ૭-૦-૦ |
| ૮ | શ્રી ભગવતીસૂત્ર (શ્રી દાનશેખરસૂરિકૃત ટીકાયુક્ત) | ૫-૦-૦ |
| ૯ | પુષ્પમાળા (ઉપદેશમાળા) મલધારી શ્રી હેમચંદ્રસૂરિપ્રણીત સ્વોપજ્ઞ વૃત્તિયુક્ત | ૬-૦-૦ |
| ૧૦ | શ્રી તત્ત્વાર્થ સૂત્ર સભાષ્ય (હારિભદ્રી ટીકાયુક્ત) | ૬-૦-૦ |
| ૧૧ | પર્યુષણા દશશતક સટીક (ઉ. શ્રી ધર્મસાગરગણિવિરચિત) | ૦-૧૦-૦ |
| ૧૨ | બુદ્ધિસાગર (મોની સંગ્રામસિંહવિરચિત) | ૦-૩-૦ |
| ૧૩ | શ્રી વિશેષાવશ્યક સૂત્ર ભાગ ૨ લો. (કોટ્યાચાર્યકૃત ટીકાયુક્ત) | ૫-૮-૦ |
| ૧૪ | " ભાગ ૨ જો. " | ૫-૮-૦ |
| ૧૫ | ભવભાવનાવૃત્તિ ભાગ ૧ લો (મલધારી શ્રીહેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ ટીકાયુક્ત) | ૩-૮-૦ |
| ૧૬ | પરિણામમાળા. (શ્રી ઉપમિતિભવપ્રપંચાકથોદ્ધરિત) | ૦-૧૦-૦ |
| ૧૭ | ધર્મોપદેશકર્ણિકા (સંસ્કૃત પદ્યબંધ કથાઓનો સંગ્રહ) | ૦-૧૦-૦ |
| ૧૮ | કલ્પકૌમુદી–કલ્પસૂત્ર ટીકા (ઉ. શાંતિસાગરવિરચિત) | ૨-૦-૦ |
| ૧૯ | ષોડશક પ્રકરણ (શ્રી હરિભદ્રસૂરિવિરચિત–યશોભદ્રસૂરિપ્રણીત વૃત્તિયુક્ત) | ૧-૦-૦ |
| ૨૦ | ષડાવશ્યક સૂત્રાણિ (નવીન સાધુયોગ્ય) | ૦-૮-૦ |
| ૨૧ | ઉત્પાદાદિ સિદ્ધિઃ (શ્રી ચંદ્રસેનસૂરિપ્રણીત સ્વોપજ્ઞ ટીકાયુક્ત) | ૨-૮-૦ |
| ૨૨ | શ્રી વર્ધમાન દેશના. સંસ્કૃત ગદ્યબંધ (શ્રી રાજકીર્તિગણિવિરચિત) | ૨-૮-૦ |
| ૨૩ | શ્રી નંદિસૂત્ર ચૂર્ણિ (હારિભદ્રી વૃત્તિયુક્ત) | ૧-૧૨-૦ |
| ૨૪ | શ્રી અનુયોગદ્વાર ચૂર્ણિ " | ૨-૦-૦ |
| ૨૫ | શ્રી ભગવતીસૂત્ર. ભાષાંતરયુક્ત. ભાગ ૧ લો. શતક ૩ (પંડિત હીરાલાલ હંસરાજ) | ૨-૮-૦ |
| ૨૬ | શ્રી જ્યોતિષ્ કરંડક પ્રકીર્ણક સટીક (શ્રી મલયગિરિજીકૃત ટીકાયુક્ત) | ૩-૮-૦ |
| ૨૭ | શ્રી પંચવસ્તુક ગ્રંથ (શ્રી હરિભદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ ટીકાયુક્ત) | ૩-૦-૦ |
| ૨૮ | શ્રી વિચારરત્નાકર (ઉ. કીર્તિવિજયજીકૃત) | ૩-૦-૦ |
| ૨૯ | શ્રી પ્રવચનસારોદ્ધાર–ભાગ ૨ જો. (શ્રી સિદ્ધસેનસૂરિકૃત ટીકાયુક્ત) | ૪-૦-૦ |
| ૩૦ | શ્રી પુંડરીક ચરિત્ર સંસ્કૃત પદ્યબદ્ધ (શ્રી કમળપ્રભાચાર્યવિરચિત) | ૫-૦-૦ |
| ૩૧ | શ્રી પુંડરીક ચરિત્ર ભાષાંતર | ૩-૦-૦ |
| ૩૨ | શ્રી ધન્નાશાલિભદ્ર ચરિત્ર (શ્રી પૂર્ણ [illegible]) | ૧-૮-૦ |
| ૩૩ | શ્રી વિપાકસૂત્ર (શ્રીઅભયદેવ [illegible] ટીકાયુક્ત) | ૧-૦-૦ |

મુદ્રક–શાહ ગુલાબચંદ લલ્લુભાઈ. શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only